અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ ડિસેમ્બર ૨૦૨૩, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર સુદ બીજ | અંક : ૧૩૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**લોકસભાની સુરક્ષામાં મોટી ચૂક સામે આવી :** સંસદ પર હુમલાની ૨૨મી વર્ષીના દિવસે જ સંસદમાં અંધાધૂધી, બે શખ્સોને ઝડપી લેવાયા : કુલ ચારની ધરપકડ

## લોકસભામાં પ્રેક્ષક ગેલેરીમાંથી બે યુવાને કૂદીને ગેસનો સ્પ્રે કરતા અફરાતફરી

। નવી દિલ્હી, તા.૧૩ ।

દેશની સંસદને સૌથી સુરક્ષિત જગ્યા માનવામાં આવે છે અને તેની ૨૨મી વરસીએ જ ત્યાં મોટી સુરક્ષા ચૂકનો મામલો સામે આવ્યો છે. અહીં બે યુવકો લોકસભાની અંદર સાંસદો વચ્ચે દર્શક ગેલેરીમાંથી કૂદી ગયા હતા. આ સમયે ગૃહની કાર્યવાહી પણ ચાલી રહી હતી જેના લીધે અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. બંને યુવકોએ સ્મોક બોમ્બ વડે સંસદને હચમચાવી મૂકી હતી. આ બંને શૂઝમાં સ્પ્રે બોમ્બ છુપાવીને લાવ્યા હોવાની માહિતી મળી રહી છે. હવે આ લોકોની ઓળખ થઈ ચૂકી છે.

લોકસભાની અંદર કલર ક્રેકર લઈને પહોંચેલા યુવકનું નામ સાગર શર્મા હોવાનું જણાવાયું છે. જોકે સાગર ક્યાંનો રહેવાશી છે તેની માહિતી મળી નથી અને તેણે કયા ઉદ્દેશ્યથી આ ઘટનાને અંજામ આપ્યો તે પણ તપાસનો વિષય છે. જ્યારે બીજી યુવકની ઓળખ મનોરંજન તરીકે થઈ હોવાની માહિતી છે. બીજી બાજુ સંસદની સુરક્ષામાં



ચૂક અંગે બુધવારે બે કેસ સામે આવ્યા હતા. એક કેસમાં ગૃહની બહાર પણ બે લોકોએ 'તાનાશાહી નહીં ચલેગી...' ની નારેબાજી કરી હતી. આ બંનેની ધરપકડ કરી લેવામાં આવી હતી જેમાં એક મહિલા સામેલ હતી. તેણે દેખાવોની શરૂઆત કરતાં જ પોલીસે તેને પકડી લીધી હતી. માહિતી અનુસાર આ મહિલાની ઓળખ નીલમ તરીકે થઈ હતી જે હિસારની વતની છે. જ્યારે તેની સાથે અનમોલ શિંદે નામનો યુવક પણ હતો જે લાતુરનો વતની હતી. સંસદ બહાર પકડાયેલી મહિલાએ દેખાવો કરતી વખતે કહ્યું હતું કે મારું નામ નીલમ છે. ભારત સરકાર જે અમારા પર અત્યાચાર કરી રહી છે, લાઠીચાર્જ કરી રહી છે. અમને જેલમાં પૂરી દેવામાં આવી રહ્યા છે. ટોર્ચર કરવામાં આવી રહ્યા છે. અમારી પાસે અવાજ ઊઠાવવા બીજું કોઈ માધ્યમ નથી. અમે કોઈ સંગઠન સાથે સંકળાયેલા નથી. આ તાનાશાહી બંધ થવી જોઈએ.

### પકડાયેલા બે લોકો પાસેથી ટિયર ગેસના સેલ મળી આવ્યા



લોકસભાની સુરક્ષામાં આજે મોટી ખામી બહાર આવી હતી જેમાં સંસદની કાર્યવાહી દરમિયાન બે લોકો પ્રેક્ષક ગેલેરીમાંથી સીધા નીચે કૂદી પડ્યા હતા અને ગેસનો સ્પ્રે કરવાનો પ્રયાસ કર્યો હતો. અચાનક ઘૂસી આવેલા લોકોને તાત્કાલિક પકડી લેવામાં આવ્યા છે જેના કારણે ભારે અંધાધૂંધીનો માહોલ સર્જાયો હતો. પકડાયેલા બે લોકો પાસેથી ટિયર ગેસના સેલ મળી આવ્યા છે. ૨૨ વર્ષ અગાઉ પણ સંસદ પર હુમલો થયો હતો જે જીવલેણ સાબિત થયો હતો. સંસદ પરના હુમલાની ૨૨મી વર્ષગાંઠ નિમિત્તે આ આઘાતજનક અને ચિંતાજનક ઘટના બની છે જેમાં પ્રેક્ષક ગેલેરીમાં હાજર રહેલા બે લોકો અચાનક કૂદીને નીચે ઉતરી આવ્યા હતા અને ગભરાટ ફેલાવી દીધો હતો. આ બંને શખસો લોકસભામાં ઉતરી આવ્યા બાદ બેફામ દોડાદોડી શરૂ કરી દીધી હતી. ત્યાર બાદ લોકસભાની કાર્યવાહી મુલતવી રાખવામાં આવી હતી અને તમામ સાંસદો બહાર નીકળી ગયા હતા. નીલમ અને અમોલ શિંદે નામના બે યુવાનોને પકડવામાં આવ્યા છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ યુવાનો કેવી રીતે ઘૂસ્યા, તેમનો ઈરાદો શું હતો અને સુરક્ષા એજન્સીઓના ચેકિંગમાં ક્યાં ખામી રહી ગઈ તેની તપાસ કરવામાં આવશે.

**૧૩ ડિસેમ્બર, ૨૦૦૧ના દિવસે સંસદ ભવન પર હુમલો થયો હતો**

## સંસદ પર હુમલાની ૨૨મી વર્ષીએ પીએમ મોદીની શહીદોને અંજલિ

। નવી દિલ્હી, તા.૧૩ ।

ભારતીય લોકશાહીના મંદિર સંસદ ભવન પર ૧૩ ડિસેમ્બર, ૨૦૦૧ના દિવસે પાંચ આતંકવાદીઓએ સંસદ ભવન પર હુમલો કર્યો હતો. આ હુમલામાં નવ જવાનો શહીદ થયા હતા, જ્યારે હુમલો કરનાર પાંચેય આતંકીઓ પણ માર્યા ગયા હતા. આજે આ હુમલાની ૨૨મી વરસી છે.

પ્રધાનમંત્રી મોદીએ શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. ભારતીય લોકશાહીના મંદિર સંસદ ભવન પર આતંકવાદી હુમલાની આજે ૨૨મી



વરસી છે. ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ આતંકવાદીઓએ સંસદ ભવન પર હુમલો કર્યો હતો.

સંસદ પર હુમલાને ૨૨ વર્ષ થઈ ગયા છે, પરંતુ આજે પણ આ ઘાતકી આતંકવાદી હુમલાની યાદ ભારતીયોના હૃદય અને મગજમાં તાજી છે. ૨૨ વર્ષ પહેલા આ દિવસે થયેલા આ હુમલામાં ૯ જવાનો શહીદ થયા હતા, જેમાં દિલ્હી પોલીસના પાંચ જવાન સામેલ હતા. તે જ સમયે, હુમલો કરનારા પાંચેય આતંકવાદીઓ પણ માર્યા ગયા હતા. આ અવસર પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શહીદ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી અને તેમના સર્વોચ્ચ બલિદાનને યાદ કર્યા હતા. આ ઉપરાંત પીએમ મોદી અને ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે શહીદ થયેલા સૈનિકોના પરિવારજનોને પણ મળ્યા હતા. ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ની સવારે સંસદનું શિયાળુ સત્ર શરૂ થયું હતું.

**ગેલેરીમાંથી કૂદનારા બે યુવાનોને સાંસદોએ ઝડપ્યા**

## સાંસદોએ પકડાયેલા યુવાનોની જોરદાર ધોલાઈ કરી નાખી

। નવી દિહી, તા.૧૩ ।

બુધવારે સંસદ પર હુમલાની ૨૨મી વરસીએ મોટી સુરક્ષા ચૂકનો મામલો સામે આવ્યો હતો. આ દરમિયાન બે લોકો સંસદની દર્શકોની ગેલરીમાંથી કૂદીને સંસદમાં ઘૂસી આવ્યા હતા અને તેમણે સ્મોક બોમ્બ સળગાવી અફરા તફરી મચાવી હતી. જોકે આ બંને લોકોને સાંસદોએ જ પકડી પાડ્યા હતા.

આ ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે કે જ્યારે સાંસદોએ આ લોકોને પકડ્યા તો તેમની જબરદસ્ત ધોલાઈ કરી હતી. સાગર નામના યુવકના તો વાળ પણ ખેંચી કાઢ્યા હતા. તેના પર થપ્પડ અને જૂતાનો વરસાદ કરવામાં આવ્યો હતો. જ્યારે સંસદની બહાર પણ બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી જેમની અટકાયત બાદ પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

### સંસદમાં વિઝિટર-ઈ-પાસ બનાવવા ઉપર પ્રતિબંધ

સંસદના શિયાળુ સત્રનો આજે આઠમો દિવસ છે ત્યારે સંસદની સુરક્ષામાં મોટી ચૂક થવાનો મામલો સામે આવ્યો છે, જેમાં લોકસભાની કાર્યવાહી દરમિયાન બે યુવકો અચાનક પ્રેક્ષક ગેલેરીમાંથી કુદ્યા હતા અને વેલમાં ઘસી ગયા હતા. જેના કારણે થોડા સમય માટે લોકસભાની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી. આ રીતે સંસદમાં બે લોકો અચાનક ઘુસી આવતા સંસદ સચિવાલયે આગામી આદેશ સુધી હવે વિઝિટર પાસ અને ઈ-પાસ બનાવવા પર પ્રતિબંધ મૂક્યો છે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ આ આદેશ આપ્યો હતો. તેમણે આ સાથે એક બેઠક પણ બોલાવી હતી. ઉલ્લેખનીય છે કે આજે બે યુવકો દર્શકોની ગેલરીમાંથી કૂદીને સંસદમાં ઘૂસી ગયા હતા અને તેમણે સ્મોક બોમ્બ સળગાવી અફરા તફરી મચાવી દીધી હતી. જેના પછી સાંસદોએ તેને પકડી લીધો હતો તેને ધીબી કાઢ્યો હતો પછી સુરક્ષાકર્મીઓના હવાલે કરી દીધો હતો.

**છત્તીસગઢ-મધ્ય પ્રદેશમાં મુખ્યપ્રધાનોની શપથવિધિ । અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ હાજર રહ્યા હતા**

## વિષ્ણુ દેવ સાયે છત્તીસગઢ, મોહન યાદવ મ.પ્ર.ના નવા સીએમ બન્યા

**રાયપુર અને ભોપાલમાં યોજાયેલા શપથ સમારોહમાં ભાજપના પ્રદેશ અને રાષ્ટ્રીય સ્તરના નેતાઓ હાજર રહ્યા**

। રાયપુર, તા.૧૩ ।

વિષ્ણુ દેવ સાયએ બુધવારે છત્તીસગઢના નવા સીએમ તરીકે શપથ લીધા. સાય રાજ્યના ચોથા મુખ્યમંત્રી હશે. આ પહેલા અજીત જોગી, રમણ સિંહ અને ભૂપેશ બઘેલ આ પદ પર રહી ચૂક્યા છે. ટર્મ પર નજર કરીએ તો સાય છઠ્ઠી વિધાનસભામાં સીએમ બન્યા છે. ૩ ડિસેમ્બરે જ્યારે ચૂંટણીના પરિણામો આવ્યા ત્યારે ભાજપ પાંચ વર્ષ પછી સત્તામાં પાછો ફર્યો. ૧૦ ડિસેમ્બરે ભાજપે પોતાના મુખ્યમંત્રીના નામની જાહેરાત કરી હતી. ભાજપના પ્રદેશ અધ્યક્ષ અરુણ સાઓ અને વિજય શર્માએ ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા. રાજધાની રાયપુરની સાયન્સ કોલેજમાં



શપથ ગ્રહણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ભાજપના પ્રદેશ અને રાષ્ટ્રીય સ્તરના નેતાઓ હાજર રહ્યા હતા. પીએમનરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, ભાજપના પ્રદેશ પ્રભારી ઓમ પ્રકાશ માથુર, કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયા અને રાજ્યના સહ-પ્રભારી નીતિન નબીન પણ શપથગ્રહણમાં ભાગ લીધો હતો. શપથ ગ્રહણ માટે વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. શપથ લેતા પહેલા, વિષ્ણુ દેવ સાંઈએ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનીપ્રતિમાનેમાળાચઢાવીહતી.સાઈએ ટ્વિટ કર્યું, "છત્તીસગઢ રાજ્યના સર્જક અને આપણા બધા માટે પ્રેરણાના સ્રોત, અટલ બિહારી વાજપેયીજીને તેમની પ્રતિમાને પુષ્પ ાંજલિ આપીને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા, ભાજપ સરકારે જે ધ્યેય સાથે છત્તીસગઢ રાજ્યનું નિર્માણ કર્યું છે, તેને સતત આગળ વધારવા માટે હું હંમેશા કટિબદ્ધ રહીશ. શપથ લેતા પહેલા તેઓ માતાને મળવા ગયા અને તેમના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા. સાઈએ ટ્વીટ કર્યું. આજે શપથ લેતા પહેલા તેમણે માતાના ચરણ સ્પર્શ કરીને છત્તીસગઢ મહાતારીની સેવા કરવા તેમના આશીર્વાદ લીધા હતા. માતા મારા પ્રેરણા સ્રોત છે.

**છત્તીસગઢમાં મુખ્યપ્રધાનના શપથ પહેલાની ઘટના**

## નારાયણપુર જિલ્લામાં નક્સલીઓના આઈઈડી બ્લાસ્ટમાં જવાન શહીદ

। રાયપુર, તા.૧૩ ।

આજે છત્તીસગઢમાં સીએમના શપથ પહેલા નક્સલી દ્વારા આઈઈડી બ્લાસ્ટ કરવામાં આવ્યો છે જેમાં એક જવાન શહીદ થયો છે જ્યારે અન્ય એક જવાન ઘાયલ થયો છે. ઉલ્લેખનીય છે કે આજે વિષ્ણુદેવ સાંઈ રાજધાનીમાં આયોજિત સમારોહમાં મુખ્યમંત્રી તરીકે શપથ લેવાના હતા.

આજે છત્તીસગઢના મુખ્યમંત્રીનો શપથ ગ્રહણ સમારોહ યોજાનાર છે. જેમાં વિષ્ણુદેવ સાંઈ રાજધાનીમાં રાયપુરમાં મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરવાના છે જેમાં દેશના વડાપ્રધાન સહિત ૬ રાજ્યોના મુખ્યમંત્રીઓ, ચાર કેન્દ્રીય મંત્રીઓ રાજધાની રાયપુર આવી રહ્યા છે ત્યારે રાજ્યના નારાયણપુર જિલ્લામાં નક્સલવાદીઓએ આઈઈડી બ્લાસ્ટ કર્યો છે જેમાં એક સૈનિક શહીદ થયા છે જ્યારે એક જવાન ઘાયલ થયો છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ નક્સલીઓએ આ હુમલો નારાયણપુરની આમદાઈ ખાણમાં કર્યો છે. સીએએફ બટાલિયનના સૈનિકો નક્સલીઓને પકડમાં આવી ગયા છે. આ હુમલામાં સીએએફ કોન્સ્ટેબલ કમલેશ સાહુ શહીદ થયા હતા, જ્યારે કોન્સ્ટેબલ વિનય કુમાર સાહુ ઘાયલ થયા છે. એસપી પુષ્કર શર્માએ હુમલાની પુષ્ટિ કરી છે.



### કોંગ્રેસે પણ ડેપ્યુટી કલેક્ટરને આપ્યું આવેદનપત્ર

## ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ હટાવવા ભાજપનાં સાંસદો અને ધારાસભ્ય મેદાને



। ગાંધીનગર, તા.૧૩ ।

ડુંગળીની નિકાસ પરના પ્રતિબંધને હટાવવા હવે ખુદ ભાજપના સાંસદો અને ધારાસભ્ય મેદાને આવ્યાં છે. સૌરાષ્ટ્રમાં ખેડુત નેતા અને ભાજપ સાંસદ મોહન કુંડારીયા સહિત સાંસદ રમેશભાઈ ધડુક અને રાજેશ ચુડાસમાએ કેન્દ્રીય કૃષિ મંત્રીને પત્ર લખ્યો અને ડુંગળી પરના પ્રતિબંધને તાત્કાલિક હટાવવા માગ કરી છે.

ધોરાજીનાં ધારાસભ્ય મહેન્દ્ર પાડલીયા પણ કૃષિમંત્રી રાઘવજી પટેલને પત્ર લખી તાત્કાલિક ડુંગળી પરના પ્રતિબંધને હટાવવા માગ કરી છે. ડુંગળી પરના પ્રતિબંધના કારણે છેલ્લા ચાર દિવસમાં ડુંગળીના ભાવ તળિયે પહોંચ્યા છે. એવામાં હવે ખુદ ભાજપના સાંસદો અને ધારાસભ્યો ખેડૂતોની મદદે આવ્યા છે. ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયાએ કૃષિમંત્રીને પત્ર લખી તાત્કાલિક ધોરણે ડુંગળીની નિકાસમાં છુટ આપવા માંગ કરી છે. તો નિકાસ પર પ્રતિબંધના કારણે પૂરતા ભાવ ન મળતા હોવાનો પણ પત્રમાં ઉલ્લેખ છે. કેન્દ્ર સરકાર દ્વારા ડુંગળી નિકાસ પ્રતિબંધ ને લઈ ધોરાજી પૂર્વ ધારાસભ્ય અને રાજકોટ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ લલિત વસોયા દ્વારા ધોરાજી ડેપ્યુટી કલેકટરને આવેદનપત્ર આપ્યું છે. રાજકોટ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ લલિત વસોયા કાર્યકરો સાથે ડુંગળીનાં હાર પહેરી અને ડેપ્યુટી ને ડુંગળી આપી નિકાસ પ્રતિબંધ હટાવવા આવેદનપત્ર આપ્યું છે. રાજકોટ જિલ્લા પ્રમુખ લલિત વસોયા અને કાર્યકરો અને ખેડૂતોએ સુત્રોચ્ચાર કર્યા છે. કોંગ્રેસ કાર્યકરોએ ડુંગળીનાં હાર પહેરી ડુંગળી સાથે લઈ ડેપ્યુટી કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. સરકારે ડુંગળી ઉપર નિકાસ પ્રતિબંધ લગાવી ખેડૂતનાં પેટ ઉપર પાટુ માર્યું છે. ૭૦૦ રૂપિયામાં વેચાતી ડુંગળી બસો રૂપિયામાં વેચાઈ રહી છે.

### જમીનોના ભાવમાં મોટો ઘટાડો થઈ શકે છે

# ગાંધીનગરમાં ગિફ્ટ સિટીમાં ઊંચાઈનો અવરોધ જવા મળ્યો

**ગિફ્ટ સિટીનો એક માસ્ટર પ્લાન આગામી મહિને રજૂ થશે જેમાં બિલ્ડિંગની ઊંચાઈને લગતા નિયંત્રણો આવી શકે છે**

। ગાંધીનગર, તા.૧૩ ।

અમદાવાદની જેમ હવે ગાંધીનગરમાં પણ જમીનોના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ગાંધીનગરના કેટલાક વિસ્તારોમાં જમીનોના ભાવ આકાશને આંબી રહ્યા છે. તેમાં પણ ગિફ્ટ સિટીની આસપાસના વિસ્તારોમાં આ ભાવ ઘણો વધારે છે. પરંતુ હવે ગિફ્ટ સિટીની આસપાસના વિસ્તારોમાં જમીનોના ભાવમાં ઘટાડો થઈ શકે છે. અંગ્રેજી અખબાર અમદાવાદ મિરરના અહેવાલ પ્રમાણે આ મહિનાના અંત સુધીમાં ગિફ્ટ સિટીનો માસ્ટર પ્લાન જાહેર કરવામાં આવશે. જેમાં ૨૩૦૦ એકર વિસ્તારમાં ઊંચાઈના નિયંત્રણો રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. આ શક્યતાને પગલે સ્થાનિક રિયલ એસ્ટેટ માર્કેટમાં ખળભળાટ મચી ગયો છે. આ નિયંત્રણોના કારણે જમીનના ભાવમાં ઘટાડો થાય તેવી શક્યતા અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

ગાંધીનગરમાં ગિફ્ટ સિટી એટલે કે ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી ૩૩૦૦ એકરમાં ફેલાયેલું છે. જ્યાં જમીનના ભાવ આકાશે આંબી રહ્યા હતા ત્યાં હવે જમીનના ભાવમાં તીવ્ર ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સૂચિત ઊંચાઈ એટલે કે હાઈટના નિયંત્રણો અંગેની અનિશ્ચિતતાને કારણે આસપાસના વિસ્તારોમાં જમીનના ભાવમાં ૨૫ થી ૪૦ ટકાનો ઘટાડો થયો છે. જમીનના ભાવમાં થયેલો ઘટાડો શાહપુર, રતનપુર, લવારપુર અને પિરોજપુર એમ ચાર ગામોને અસર કરે છે.



હજી થોડા વર્ષો પહેલા આ વિસ્તારોમાં જમીનના ભાવ પ્રતિ ૪ કરોડ રૂપિયા પ્રતિ વીઘાની આસપાસ હતા. પરંતુ GIFT સિટીના વિસ્તરણની જાહેરાત થઈ તે સાથે જ તેમાં તીવ્ર વધારો જોવા મળ્યો હતો અને જમીનના ભાવ ૧૮ કરોડ રૂપિયા પ્રતિ વીઘા સુધી પહોંચી ગયા હતા. જેમાં આ ચાર ગામનો સમાવેશ થાય છે. જોકે, બિલ્ડીંગની ઊંચાઈઓ અંગેની અનિશ્ચિતતા સાથે હવે કિંમતોમાં પણ ઘટાડો થયો છે. અહીં જમીનના ભાવ ઘટીને ૧૦થી ૧૨ કરોડ રૂપિયા પ્રતિ વીઘા થઈ ગયા છે.

ગિફ્ટ સિટી ઓથોરિટીએ ગયા વર્ષે નવેમ્બરમાં તેના ડેવલપમેન્ટ પ્લાનમાં વધારાની ૨,૩૦૦ એકર જમીનનો સમાવેશ કર્યો હતો. ત્યારબાદ જમીનની કિંમતોમાં નાટ્યાત્મક વધારો થયો. આ વિસ્તારના માળખાગત વિકાસની ખાતરી કરવા માટે GIFT નોટિફાઈડ કમિટી સાથે GIFT અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની સ્થાપના કરવામાં આવી હતી. આ વિસ્તરણ કરવામાં આવ્યું ત્યારે લોકોને લાગ્યું કે અહીંયા પણ ગિફ્ટ સિટી વિસ્તારની જેમ બહુમાળી ઈમારતો બનાવવામાં આવી શકે છે. પરંતુ જેમ જેમ માસ્ટર પ્લાન વિકસિત થયો તેમ તેમ સત્તાવાળાઓએ GIFT સિટીના મુખ્ય ૧,૦૦૦ એકર વિસ્તારને બાદ કરતાં ૩,૩૦૦-એકર વિસ્તાર પર ઊંચાઈના નિયંત્રણો લાદવાનું વિચાર્યું.

આંતરિક સૂત્રોના જણાવ્યા પ્રમાણે માસ્ટર પ્લાન ફક્ત ૭થી ૧૦ માળની ઈમારતોને મંજૂરી આપી શકે છે. આ નિર્ણય પર ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ નજીકથી નજર રાખી રહ્યા છે. તેનો આશય રિયલ એસ્ટેટને સસ્તું રાખવાનો છે. જોકે હજી અંતિમ નિર્ણયો બાકી છે. અન્ય એક અધિકારીએ આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ સુધરેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વધુ આકર્ષક સ્કાયલાઈનને ટાંકીને નીચી ઈમારતોના સંભવિત ફાયદાઓ જણાવ્યા છે. જોકે, બિલ્ડર્સ લોબી પણ આ સંભવિત નિર્ણયો અંગે પોતાનો મત રજૂ કરી રહ્યા છે. ગાંધીનગરના એક અગ્રણી બિલ્ડરે જણાવ્યું હતું કે, ગિફ્ટ સિટીના ૩,૩૦૦ એકરના નોટિફાઈડ વિસ્તારમાં જમીનના ભાવમાં ૨૫% કરતા વધુનો સુધારો જોવા મળી રહ્યો છે. માસ્ટર પ્લાનમાં આ વિસ્તારમાં પ્રસ્તાવિત સંભવિત ઊંચાઈ પ્રતિબંધોને કારણે છે આવું થઈ રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે પ્રીમિયમ ભાવે ખરીદેલી જમીન ખરીદદારો અથવા ડેવલપર્સ માટે હાઈ-રાઈઝ ડેવલોપમેન્ટને સમર્થન આપી શકતી નથી.

### બીજાના આઇડીથી સીમકાર્ડ ખરીદી અન્યને વેચતા

## સુરતમાં ૮૪ સીમકાર્ડ સાથે ત્રણની ધરપકડ કરવામાં આવી



। સુરત, તા.૧૩ ।

સુરતમા સીમકાર્ડના રેકોર્ડનો પર્દાફાશ થયો હતો. મળતી જાણકારી અનુસાર, સુરત પીસીબીએ પ્રિ-એક્ટિવેટેડ સીમકાર્ડના રેકેટનો પર્દાફાશ કર્યો હતો. પીસીબીને માહિતી મળી હતી કે રાંદેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કેટલાક શખ્સો પ્રિ-એક્ટિવેટેડ સીમકાર્ડનું રેકેટ ચલાવે છે. જેના આધારે પોલીસે વિજય રાઠોડ, વિકાસ વાઘેલા અને મિતેશ બોરીચાની ધરપકડ કરી હતી. પોલીસને આરોપીઓ પાસેથી ૮૪ પ્રિ-એક્ટિવેટેડ તથા અન એક્ટિવિટેડ સીમકાર્ડ મળ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો હતો કે વિજય રાઠોડ વોડાફોનનું સીમકાર્ડ ખરીદવા આવતા ગ્રાહકનો વિગત લઈ તેઓની જાણ બહાર તેમના આઈડી પોતાની પાસે રાખી લેતો હતો અને બાદમા આ ગ્રાહકોના આઈડી પરથી સીમકાર્ડ એક્ટિવેટેડ કરતો હતો. બાદમાં આ રીતે એક્ટિવેટેડ કરેલા સીમકાર્ડ જેમની પાસે આઈડી પ્રુફ ન હોય તેવા લોકોને ઉંચા ભાવે સીમકાર્ડનું વેચાણ કરતો હતો. હાલ આ રેકેટમાં વધુ બે વ્યકિતના નામ ખૂલ્યા છે. જેની પોલીસે શોધખોળ શરૂ કરી છે. સુરતમાં એસીબીએ સપાટો બોલાવ્યો છે. રૂપિયા ૨.૫૦ લાખની લાંચ કેસમાં પાલિકા અધિકારી સહિત પટાવાળાની ધરપકડ કરવામાં આવી છે. પાલિકાના ચીફ એકાઉન્ટન્ટને રૂપિયા ૨.૫૦ લાખની લાંચ કેસમાં ઝડપી પાડવામાં આવ્યો હતો. લાંચિયો અધિકારી તેજસ પ્રકાશચંદ્ર આરિવાળા પાલિકાની મુખ્ય કચેરીનો ચીફ એકાઉન્ટન્ટ છે, જ્યારે કચેરીમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા ભીખુભાઈ પટેલની ધરપકડ કરાઈ છે.

## રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ખાનગી લક્ઝરી બસના પ્રવેશ પર પ્રતિબંધ

। રાજકોટ, તા.૧૩ ।

રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ખાનગી બસના પ્રવેશ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.એટલે કે સવારે ૮ વાગ્યાથી રાત્રિના ૯ વાગ્યા સુધી ખાનગી ટ્રાવેલ્સની બસો શહેરમાં નહીં પ્રવેશી શકે.

માધાપર ચોકડીથી ગોંડલ ચોકડી સુધી લક્ઝરી બસ પ્રવેશ પર પ્રતિબંધના નિયમનો આજથી અમલ કરાયો છે. રાજ્યમાં મોટાભાગના વિદ્યાર્થીઓ શાળામાં જવા માટે જાહેર પરિવહન સેવાનો ઉપયોગ કરતા હોય છે. ત્યારે રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ખાનગી બસના પ્રવેશ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.એટલે કે સવારે ૮ વાગ્યાથી રાત્રિના ૯ વાગ્યા સુધી ખાનગી ટ્રાવેલ્સની બસો શહેરમાં નહીં પ્રવેશી શકે. માધાપર ચોકડીથી ગોંડલ ચોકડી સુધી લક્ઝરી બસ પ્રવેશ પર પ્રતિબંધના નિયમનો આજથી અમલ કરાયો છે.ઉલ્લેખનીય છે કે રાજકીય દબાણના લીધે આ જાહેરનામું અટકાવી દેવાયાની ચર્ચાએ જોર પકડ્યું હતું. પોલીસ અધિકારીઓનો દાવો છે કે ટ્રાફિકનું ભારણ ઓછું કરવા માટે આ નિર્ણય લેવોય છે.

તો બીજી તરફ રાજકોટના પોલીસ વિભાગના આ ફરમાનને ટ્રાવેલ્સ એસોસિએશને વખોડ્યો છે.ટ્રાવેલ્સ એસોસિએશનના પ્રમુખનો દાવો છે કે ખાનગી ટ્રાવેલ્સની બસોના કારણે ટ્રાફિકનો પ્રશ્ન નથી સર્જાતો. તેઓએ આરોપ લગાવ્યો કે ટ્રાફિક માટે સાંકળા રસ્તા અને મોટા ડિવાઈડર જવાબદાર છે.

### દીપડો પાંજરે પૂરતા ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો

## મહુવાની સીમમાં પશુનો શિકાર કરનાર દીપડો પાંજરે પુરાયો

**શિકારની શોધમાં આશરે ૫ વર્ષીય દીપડો ગામમાં ઘુસી આવતો હતો જેને પકડવા ગોઠવાયેલા પાંજરામાં તે પુરાયો**

। સુરત, તા.૧૩ ।

મહુવામાં પશુનો શિકાર કરનાર દીપડો આખરે પાંજરે પુરાતા ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો છે. વડીયા બરડી ફળીયામાં દીપડો પાંજરે પુરાયો છે. શિકારની શોધમાં આશરે ૫ વર્ષીય દીપડો ગામમાં ઘુસી આવતો હતો જેને પકડવા ગોઠવાયેલા પાંજરામ આખરે તે પુરાયો છે.

પાંચ દિવસ પહેલા દીપડાએ મહુવામાં એક ફળિયામાં પશુનો શિકાર કર્યો હતો. ઘટના બાદ ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. ઘટનાની જાણ વનવિભાગને કરવામાં આવતા વન વિભાગ દ્વારા વન્યજીવને પકડવા પાંજરું મુકવામાં આવ્યું હતું. આ



દીપડો પાંજરે પુરાતા સ્થાનિક ગ્રામજનોએ રાહત અનુભવી છે. વન વિભાગ દ્વારા દીપડાને સ્વાસ્થ્ય પરીક્ષણ બાદ દીપડા અને માનવી માટે સલામત સ્થળે જંગલમાં મુક્ત કરવામાં આવશે.

## ગોંડલના કંટોલિયાથી બાંદ્રા જતી એસ.ટી. બસનો રુટ બંધ કરાતા વિદ્યાર્થીઓને હાલાકી

। રાજકોટ, તા.૧૩ ।

કંટોલિયાથી બાંદ્રાની સ્કૂલમાં દરરોજ ૩૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ માટે જતા હોય છે. પરંતુ ગોંડલના પાંજરાપોળનો પુલ જોખમી હોવાથી ભારે વાહનો માટે બંધ કરાતા અહીં આવતી ST બસ પણ બંધ થઈ ગઈ છે. જેના કારણે વિદ્યાર્થીઓ અભ્યાસ માટે સ્કૂલે જઈ શકતા નથી.

રાજકોટના ગોંડલ તાલુકાના કંટોલિયા ગામથી બાંદ્રા ગામે જતી ST બસનો રૂટ બંધ કરાતા અનેક વિદ્યાર્થીઓના ભાવિ પર જોખમ ઉભુ થયુ છે.કંટોલિયાથી બાંદ્રાની સ્કૂલમાં દરરોજ ૩૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ માટે જતા હોય છે.પરંતુ ગોંડલના પાંજરાપોળનો પુલ જોખમી હોવાથી ભારે વાહનો માટે બંધ કરાતા અહીં આવતી ST બસ પણ બંધ થઈ ગઈ છે. જેના કારણે વિદ્યાર્થીઓ અભ્યાસ માટે સ્કૂલે જઈ શકતા નથી. બાળકો નાછૂટકે ખાનગી વાહનો અથવા તો સાયકલ પર સ્કૂલે જવા મજબૂર બન્યા છે.તો એસ.ટી. તંત્ર દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી પાસના રૂપિયા લેવામાં આવ્યા છે. છતાં અન્ય રૂટની બસોમાં વિદ્યાર્થીઓને બેસવા દેવામાં આવતા નથી. આ મુદ્દે સ્થાનિકોએ ST તંત્રને અનેક રજૂઆતો કરી છે છતાં બસની સુવિધા હજુ શરૂ થઈ નથી. ત્યારે જો બસ શરૂ નહીં થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી ગ્રામજનોએ ઉચ્ચારી છે.

### બિપરજોય વાવાઝોડાને લઇ ગુજરાતને ૩૩૮ કરોડની સહાયની મંજૂરી આપી

। અમદાવાદ, તા.૧૩ ।

કેન્દ્રીય ગૃહ વિભાગે બિપરજોય વાવાઝોડામાં અસરગ્રસ્તોને સહાયની જાહેરાત કરી છે. બિપરજોય વાવાઝોડાને લઈ ગુજરાતને ૩૩૮ કરોડની સહાયની મંજૂરી અપાઈ છે. અગાઉ રાજ્ય સરકારને SDRF હેઠળ ૫૮૪ કરોડ ચૂકવાયા હતા. કેન્દ્ર સરકારે ૨૨ રાજ્યોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ માટે રૂપિયા ૭ હજાર ૫૩૨ કરોડ જાહેર કર્યા હતો. જેમાં કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રને સૌથી વધુ ૧ હજાર ૪૨૦.૮૦ કરોડ રૂપિયા આપ્યો હતો. જ્યારે ગોવાને સૌથી ઓછું માત્ર ૪.૮૦ કરોડ રૂપિયા ફંડ મળ્યું હતું. કેન્દ્ર સરકારે મહારાષ્ટ્ર બાદ બીજા નંબરે ઉત્તર પ્રદેશને ૮૧૨ કરોડ રૂપિયા અપ્યા હતો.

**વિશેષ**

### જીતનગર ગામ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'માં સહભાગી બન્યું

# લાભાર્થીઓને હાથોહાથ યોજનાકીય લાભ, યાત્રાને મળ્યો વ્યાપક પ્રતિસાદ

**છેવાડાના માનવીના જીવનસ્તરમાં ગુણાત્મક પરિવર્તન લાવવા સરકાર સંકલ્પબધ્ધ : નાંદોદના ધારાસભ્ય શ્રીમતી ડો. દર્શનાબેન દેશમુખ**





નાંદોદ તાલુકાના ધારાસભ્ય શ્રીમતી ડો.દર્શનાબેન દેશમુખની વિશેષ ઉપસ્થિતિમાં તાલુકાના જીતનગર ગામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ને ગ્રામજનો દ્વારા વ્યાપક પ્રતિસાદ મળ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી ડો. દેશમુખે ગ્રામજનોને સંબોધતા જણાવ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર છેવાડાના માનવીની ચિંતા કરીને તેમના જીવનસ્તરમાં ગુણાત્મક સુધારો લાવવા સંકલ્પબધ્ધ છે. સરકારે મહિલાલક્ષી, ખેડૂતલક્ષી, આરોગ્યલક્ષી, રોજગારલક્ષી તેમજ અનેકવિધ યોજનાઓ અમલી બનાવીને ગ્રામીણ વિકાસને મજબુત કરવાનુ કાર્ય કર્યું છે. આ વેળાએ ધારાસભ્ય શ્રી ડો. દેશમુખે ઉમેર્યુ કે, આજે બહેનો પોતાની વાતો સમાજ સમક્ષ મુકી રહી છે, પુરુષો સાથે ખભેખભા મેળાવીને આગળ વધી રહી છે. આ સમાજમાં આવી રહેલા સકારાત્મક બદલાવને ચિન્હિત કરી રહી છે. આ પ્રસંગે ગ્રામજનોએ મહામહિમ રાષ્ટ્રપતિશ્રી અને દીઘર્દ્રષ્ટા વડાપ્રધાનશ્રીના પ્રેરક સંદેશા તેમજ વિવિધ યોજનાકીય માહિતીથી વાકેફ કરતી શોર્ટફિલ્મ નિહાળીને વિકસિત ભારતના નિર્માણમાં પોતાની સહભાગીદારી અદા કરવા સામુહિક શપથ લીધા હતા.

કાર્યક્રમ આગળના ચરણમાં પહોંચતા 'ધરતી કરે પુકાર કે' થીમ હેઠળ શારીરિક અને પ્રાકૃતિક સંપદાના જતન માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા અંગે બાળકો દ્વારા રજૂ કરાયેલા નુક્કડ નાટકને ગ્રામજનોએ નિહાળ્યું હતુ. આ પ્રસંગે યોજનાકીય લાભાર્થીઓએ પોતાના જીવનમાં આવેલા બદલાવી કહાનીને 'મેરી કહાની, મેરી જુબાની' થીમ હેઠળ ગ્રામજનો સમક્ષ પ્રસ્તુત કરીને સરકારની તમામ યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા પ્રેરિત કર્યા હતા. આરોગ્ય, આંગણવાડી, પશુપાલન કેમ્પનો પણ ગ્રામજનોએ લાભ લીધો હતો.

આ પ્રસંગે ધારાસભ્યશ્રીના હસ્તે સરપંચ શ્રીમતી વંદનાબેન વસાવાને અભિલેખા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. ઉપરાંત, વિવિધ યોજનાકીય લાભાર્થીઓને સહાય વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી વનિતાબેન વસાવા, સરપંચ શ્રીમતી વંદનાબેન વસાવા, સ્થાનિક અગ્રણીશ્રીઓ, નાયબ પશુપાલન નિયામક શ્રી જે.આર. દવે, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) કાર્યપાલક ઈજનેરશ્રી એ.એસ.પટેલ સહિત લાભાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો સહભાગી થયા હતા.

# રિન્કુસિંહે સિક્સ ફકારતાં મીડિયા બોક્સનાં કાંચ તૂટ્યા





। પોર્ટ એલિઝાબેથ, તા.૧૩ ।

ભારતીય ક્રિકેટ ટીમ હાલ સાઉથ આફ્રિકાના પ્રવાસે છે. ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ૩ મેચની ટી૨૦આઈ સિરીઝ રમાઈ રહી છે. સિરીઝની પ્રથમ મેચ વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી. બીજી ટી૨૦આઈ ગઈકાલે પોર્ટ એલિઝાબેથમાં રમાઈ હતી.

આ મેચમાં રિંકુ સિંહે તાબડતોડ બેટિંગ કરી હતી. રિંકુ સિંહે ૩૦ બોલમાં પોતાની પ્રથમ ટી૨૦આઈ ફિફ્ટી ફટકારી હતી. આ દરમિયાન રિંકુના એક છગ્ગાનો વીડિયો સોશ્યલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે. ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી બીજી ટી૨૦આઈ મેચ દરમિયાન રિંકુ સિંહે તાબડતોડ બેટિંગ કરતા સમયે એવો લાંબો છગ્ગો માર્યો જેણે મીડિયા બોક્સનો કાંચ તોડી નાખ્યો હતો. આ છગ્ગો જોઈ ક્રિકેટ ચાહકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. રિંકુએ આ છગ્ગો ૧૯ ઓવર ફેંકવા આવેલા સાઉથ આફ્રિકાના કેપ્ટન એડન માર્કરમની ઓવરની પાંચમી બોલ પર ફટકાર્યો હતો.

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની બીજી ટી૨૦આઈ મેચ ૧૯.૩ ઓવર બાદ વરસાદના કારણે રોકાઈ ગઈ હતી. તે સમયે ભારતનો સ્કોર ૭ વિકેટના નુકસાને ૧૮૦ રન હતો. રિંકુ સિંહ મેચ બાધિત થઈ ત્યારે ૬૮ રનના સ્કોર પર નોટઆઉટ હતો. જો કે સાઉથ આફ્રિકાને ડીએલએસ પદ્ધતિ મુજબ જીતવા માટે ૧૫ ઓવરમાં ૧૫૨ રનનો ટાર્ગેટ મળ્યો હતો. જેને સાઉથ આફ્રિકાની ટીમે ૭ બોલ બાકી રહેલા હાંસલ કરી લીધો હતો.

### સા.આફ્રિકા-ભારત બીજી ટી૨૦

## સા. આફ્રિકાની ભૂમિ પર ફિફ્ટી કરનારો સુર્યકુમાર બીજો ભારતીય સુકાની

### સાઉથ આફ્રિકાની ધરતી પર ટી૨૦ ક્રિકેટમાં સૌથી મોટી ઈનિંગ રમવાનો રેકોર્ડ મહેન્દ્રસિંહ ધોનીના નામે હતો



। પોર્ટ એલિઝાબેથ, તા.૧૩ ।

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ગઈકાલે પોર્ટ એલિઝાબેથમાં ટી૨૦આઈ સિરીઝની બીજી મેચ રમાઈ હતી. આ મેચમાં ભારતીય ટીમની કપ્તાની કરી રહેલા સૂર્યકુમાર યાદવે ફરી એકવાર શાનદાર બેટિંગ કરતા ફિફ્ટી ફટકારી હતી. જો કે આ ઈનિંગ પર પાણી ફરી ગયું હતુ કારણ કે સાઉથ આફ્રિકા સામે ભારતને હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ આ દરમિયાન સૂર્યાએ એક મોટી સિદ્ધિ મેળવી હતી. તે ભારતીય ટીમનો પ્રથમ એવો કેપ્ટન બની ગયો છે જેણે સાઉથ આફ્રિકાની ધરતી પર કેપ્ટન તરીકે ટી૨૦આઈમાં ફિફ્ટી ફટકારી છે. ભારત તરફથી એક કેપ્ટન તરીકે સાઉથ આફ્રિકાની ધરતી પર ટી૨૦આઈ ક્રિકેટમાં સૌથી મોટી ઈનિંગ રમવાનો રેકોર્ડ ભારતના પૂર્વ દિગ્ગજ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીના નામે હતો. હવે સૂર્યાએ ધોનીના આ ૧૬ વર્ષ જૂના રેકોર્ડને તોડી દીધો છે. ધોનીએ વર્ષ ૨૦૦૭માં સાઉથ આફ્રિકા સામે ૪૫ રનની ઈનિંગ રમી હતી. સૂર્યકુમાર યાદવે સાઉથ આફ્રિકા સામે ત્રણ મેચની ટી૨૦આઈ સિરીઝની બીજી મેચમાં ૩૬ બોલમાં ૫ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૫૬ રનની શાનદાર ઈનિંગ રમી હતી. આમ સૂર્યા સાઉથ આફ્રિકામાં ટી૨૦આઈ ક્રિકેટમાં ફિફ્ટી ફટકારનાર પ્રથમ ભારતીય કેપ્ટન બન્યો છે.

### ઈંગ્લેન્ડના સ્પિનરે ટી૨૦માં ઈતિહાસ રચ્યો

# ઈંગ્લેન્ડ માટે ટી૨૦માં ૧૦૦ વિકેટ લેનારો આદિલ રશિદ પ્રથમ બોલર

### વેસ્ટ ઈન્ડિઝ સામે પ્રથમ ટી૨૦આઈ મેચમાં આદિલ રશીદે ૪ ઓવરમાં ૨૫ રન આપીને ૨ વિકેટ ઝડપી હતી



। લંડન, તા.૧૩ ।

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના સ્પિનર આદિલ રશીદે ટી૨૦આઈમાં ઈતિહાસ રચી દીધો છે. વેસ્ટ ઈન્ડિઝ સામે પ્રથમ ટી૨૦આઈમાં ઈંગ્લેન્ડને હારનો સામનો કરવો પડ્યો હતો, પ રંતુ સ્પિનર આદિલ રશીદે એક મોટી સિદ્ધિ મેળવી હતી.

આદિલ રશીદ ઈંગ્લેન્ડ તરફથી ટી૨૦આઈમાં ૧૦૦ વિકેટ મેળવનાર પહેલો બોલર બની ગયો છે. રશીદે આ કારનામું તેની ૧૦૦મી ટી૨૦આઈ મેચમાં કરી બતાવ્યું હતું.

વેસ્ટ ઈન્ડિઝ સામે પ્રથમ ટી૨૦આઈ મેચમાં આદિલ રશીદે ૪ ઓવરમાં ૨૫ રન આપીને ૨ વિકેટ ઝડપી હતી. આ સાથે જ તેણે તેના ટી૨૦આઈ કરિયરમાં ૧૦૦ વિકેટ લેવાની સિદ્ધિ પણ હાંસલ કરી હતી. આદિલ પહેલા કોઈપણ ઈંગ્લીશ બોલરે ટી૨૦આઈમાં ૧૦૦ વિકેટ લીધી નથી. ટી૨૦આઈમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ ટિમ સાઉથીના નામે છે. સાઉદીએ ટી૨૦આઈમાં ૧૪૪ વિકેટ લીધી છે. અત્યાર સુધી ૬ સ્પિન બોલરો ટી૨૦આઈ ક્રિકેટમાં ૧૦૦થી વધુ વિકેટ લેવામાં સફળ થયા છે. જેમાં શાકિબ અલ હસને ૧૪૦ વિકેટ, રાશિદ ખાને ૧૩૦ વિકેટ, શાદાબ ખાને ૧૦૪ વિકેટ, મિચેલ સેન્ટનરે ૧૦૦ વિકેટ અને હવે આદિલ રશીદે ટી૨૦આઈમાં ૧૦૦ વિકેટ લેવાનું કારનામું કર્યું છે.

ઈંગ્લેન્ડની ટીમ પ્રથમ બેટિંગ કરતા ૧૯.૩ ઓવરમાં ૧૭૧ રન બનાવ્યા હતા. જવાબમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમે ૧૮.૧ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધો હતો. વેસ્ટ ઈન્ડિઝ તરફથી આન્દ્રે રસલે ઘાતક બોલિંગ કરી હતી. તેણે ત્રણ વિકેટ ઝડપી હતી. તે પછી બેટિંગમાં પણ રસલે પોતાનો દમ બતાવ્યો હતો. તેણે ૧૪ બોલમાં ૨ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૨૯ રન બનાવીને પોતાની ટીમને વિજય બનાવી હતી. રસલને તેના આ શાનદાર પ્રદર્શનના લીધે પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ પણ મળ્યો હતો.

## ભીના આઉટ-ફિલ્ડને લીધે કોચ રાહુલ દ્રવિડ નારાજ

પોર્ટ ઓફ એલિઝાબેથ, । તા.૧૩ ।

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાયેલી બીજી ટી૨૦આઈ મેચમાં ભારતીય ટીમને ૫ વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરતા ૧૯.૩ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૮૦ બનાવ્યા હતા. વરસાદના કારણે મેચ બાધિત થઈ હતી. વરસાદ રોકાયા બાદ સાઉથ આફ્રિકાની ટીમને ડીએલએસ પદ્ધતિ મુજબ ૧૫ ઓવરમાં ૧૫૨ રનનો ટાર્ગેટ મળ્યો હતો. જે સાઉથ આફ્રિકાએ માત્ર ૧૪ ઓવરમાં જ હાંસલ કરી લીધો હતો. મેચ હાર્યા બાદ ભારતીય ટીમના હેડ કોચ રાહુલ દ્રવિડ મેદાન પર આવ્યા અને ગુસ્સે થઈ મેદાનની વચ્ચે પોતાની નારાજગી બતાવી હતી. સાઉથ આફ્રિકાની ટીમ ભારત સામેની બીજી મેચ જીતવામાં સફળ રહી તે પછી તરત જ ભારતીય ટીમના હેડ કોચ રાહુલ દ્રવિડ મેદાનમાં આવ્યા અને મેદાનને સ્પર્શ કરીને જોવા લાગ્યા.

## મરાઠી અભિનેતા રવિન્દ્ર બેર્ડેનું ૭૮ વર્ષની વયે નિધન



। નવી દિલ્હી, તા.૧૩ ।

મરાઠી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. દિગ્ગજ મરાઠી અભિનેતા રવિન્દ્ર બેર્ડેનું નિધન થઈ ગયુ છે. ૭૮ વર્ષની ઉંમરમાં તેમણે અંતિમ શ્વાસ લીધા છે. રવિન્દ્ર બેર્ડેએ પોતાના અભિનયથી મરાઠી સિનેમામાં પોતાની અલગ ઓળખ બનાવી છે. તેઓ છેલ્લા કેટલાક સમયથી ગળાના કેન્સરથી પીડિત હતા. કેટલાક મહિનાથી તેમની સારવાર ટાટા હોસ્પિટલમાં ચાલી રહી હતી. અભિનેતા ઉપરાંત રવિન્દ્ર બેર્ડેની વધુ એક ઓળખ એ છે કે, તેઓ લક્ષ્મીકાંત બેર્ડેના ભાઈ હતા. બંનેએ એક સાથે અનેક ફિલ્મોમાં કામ પણ કર્યું છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે બે દિવસ પહેલા જ તેમને હોસ્પિટલમાંથી ઘરે લાવવામાં આવ્યા હતા. ઘરે આવ્યા બાદ તેમને અચાનક હાર્ટ એટેક આવ્યો અને તેમનું નિધન થઈ ગયું. તેમણે ૩૦૦થી વધુ મરાઠી ફિલ્મોમાં પોતાના અભિનયથી લોકોનું દિલ જીતી લીધુ હતું. તેમના નિધનથી મરાઠી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. રવિન્દ્ર બેર્ડેના પરિવારમાં પત્ની, બે બાળકો, પુત્રવધૂ અને પૌત્ર-પૌત્રીઓ છે. ચાહકો પણ સોશિયલ મીડિયા દ્વારા શોક વ્યક્ત કરી રહ્યા છે. પડદા પર રવિન્દ્રની જોડીને અશોક સરાફ, વિજય ચવ્હાણ, મહેશ કોઠારે, વિજુ ખોટે, સુધીર જોશી અને ભરત જાધવ સાથે ખૂબ પસંદ કરવામાં આવી હતી.

### વિઝાની ફીમાં તોતિંગ વધારો કરે એવી શક્યતા હતી

# અમેરિકા દ્વારા વિઝા ફીનો વધારો હાલ પૂરતો સ્થગિત

### અમેરિકા એચ-૧બી સહિત અનેક પ્રકારના વિઝાની ફી વધારવા વિચારી રહ્યું હતું પરંતુ તે એપ્રિલ સુધી સ્થગિત

। વોશિંગ્ટન, તા.૧૩ ।

ભારતમાંથી દિવસેને દિવસે અમેરિકા જનારા લોકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે યુએસ કોન્સ્યુલેટ પાસે વિઝાની અરજીઓનો ઢગલો થઈ રહ્યો છે ત્યારે અમેરિકા તેના વિઝાની ફીમાં તોતિંગ વધારો કરશે તેવા સમાચાર વહેતા થયા હતા જેના પગલે ભારતીયોની ચિંતામાં વધારો કર્યો હતો. જો કે હવે સુત્રોમાંથી મળતી નવી માહિતી મુજબ અમેરિકાએ વિઝાની ફીનો વધારો હાલ પૂરતો સ્થગિત રાખવાનો નિર્ણય કર્યો છે.

ભારતમાંથી હાયર એજ્યુકેશન તેમજ અન્ય બીજા કોઈ કારણોસર અમેરિકા જવું ખુબ જ મોંઘુ હોય છે ત્યારે જો યુએસ ફીમાં વધારો થાય તો લોકોને અમેરિકા જવું પોસાય નહીં. જો કે અત્યારે ભારતીયો માટે રાહતના સમાચાર એ છે કે અમેરિકા એચ-૧બી સહિત અનેક પ્રકારના વિઝાની ફી વધારવા વિચારી રહ્યા હતા પરંતુ તે એપ્રિલ મહિના સુધી સ્થગિત રાખવામાં આવ્યો છે.

હવે કદાચ એપ્રિલ ૨૦૨૪માં ફાઈનલ નિર્ણય




લેવામાં આવે તેવી શક્યતા છે. અત્યાર સુધી એવા સમાચાર હતા કે અમેરિકા જાન્યુઆરી ૨૦૨૪થી જ વિઝા ફીમાં મોટો વધારો કરશે.

જો અમેરિકાએ એચ-૧બી સહિતના વિઝાની ફીમાં વધારો કર્યો હોત તો અમેરિકન કંપનીઓ પર મોટો ખર્ચ આવે તેમ હતો કેમકે આ વિઝાની પ્રક્રિયા આ કંપનીઓએ કરવાની હોય છે. આ વિઝાની એપ્લિકેશન ફી ૭૦ ટકા વધીને ૭૮૦ ડોલર સુધી થવાની શક્યતા હતી. વિદેશી કર્મચારીને સ્પોન્સર કરનાર અમેરિકન કંપનીએ લોટરીમાં પસંદ થયેલા લોકો માટે એચ-૧બી વિઝાની વિગતવાર અરજી કરીને ઈ-રજિસ્ટ્રેશન કરાવવાનું હોય છે. માર્ચ મહિનામાં સામાન્ય રીતે એચ-૧બી કેપની લોટરી થતી હોય છે. ઈ-રજિસ્ટ્રેશન માટેની ફી ૧૦ ડોલરથી વધારીને ૨૧૫ ડોલર કરવાની દરખાસ્ત હતી જેથી કરીને લોટરીના મિકેનિઝમનો દુરુપયોગ ન થાય. અમેરિકન ઓથોરિટી એનપીઆરએમ દ્વારા સિટિઝનશિપની ફી ૧૯ ટકા વધારવાની દરખાસ્ત છે જે ૬૪૦ ડોલરથી વધારીને ૭૬૦ ડોલર કરવામાં આવશે.

આ ઉપરાંત સૌથી વધુ ફીનો વધારો ઈબી-૫ ઈન્વેસ્ટરો માટે હતો જેઓ અમેરિકામાં રોકાણ કરીને ગ્રીન કાર્ડ મેળવતા હોય છે. એનપીઆરએમના આંકડા મુજબ રોકાણકારોએ પોતાની આઈ-૫૨૬ પિટિશન માટે ૧૧૧૬૦ ડોલરની ફી ફરવી પડશે જે અગાઉ કરતા ૨૦૪ ટકા વધારે છે જ્યારે I-829 પિટિશન માટે ૯૫૩૫ ડોલરની ફી ભરવાની તૈયારી રાખવી પડશે. એટલે કે અગાઉની ફી કરતા નવી ફીમાં ૧૪૮ ટકાનો વધારો થયો છે.

# યુએનમાં સમર્થન અંગે પેલેસ્ટાઈને ભારતનો આભાર માન્યો

। નવી દિલ્હી, તા.૧૩ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુધ્ધ વિરામ માટે યુએનમાં ફરી જંગી બહુમતીથી પ્રસ્તાવ પસાર કરાયો છે. જેમાં ભારતે પણ યુધ્ધ વિરામના પ્રસ્તાવના સમર્થનમાં વોટિંગ કર્યુ છે.

એ પછી પેલેસ્ટાઈન દ્વારા ભારતનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. ભારત સ્થિત પેલેસ્ટાઈનની એમ્બેસીના કાઉન્સિલર બાસેમ એફ હેલિસે કહ્યુ હતુ કે, પેલેસ્ટાઈન ઈઝરાયેલની આક્રમકતાને રોકવા માટે અને તેની સામે દુનિયાને એક થવા માટે માંગ કરી રહ્યુ છે. આ સંઘર્ષ યહૂદીઓ તેમજ મુસ્લિમો વચ્ચે નથી. આ યુધ્ધ કોઈ ધાર્મિક યુધ્ધ નથી. હું તમામ ધર્મોનુ સન્માન કરુ છું અને તેમાં યહૂદી ધર્મ પણ આવી જાય છે પણ અત્યારે જે જંગ ચાલી રહ્યો છે તે ૧૦૦ વર્ષથી વધારે




સમયથી અમારી માતૃભૂમિ પર થયેલા કબ્જાને લઈને છે. હેલિસે આગળ કહ્યુ હતુ કે, આ જંગ સાત ઓક્ટોબરથી નથી શરુ થયો બલ્કે તે લાંબા સમયથી ચાલી રહ્યુ છે અને દર વખતે પેલેસ્ટાઈન ભારતીય લોકોના સમર્થનની અપેક્ષા રાખતુ રહ્યુ છે. અમને માત્ર મુસ્લિમો જ નહીં પણ દરેક ધર્મના લોકોનુ સમર્થન મળી રહ્યુ છે. અમે અમારા ઘરમાં યુધ્ધને રોકવા માંગીએ છે. અમારુ સમર્થન કરવા બદલ અને દર વખતે અમારી સાથે રહેવા બદલ અમે ભારત અને ભારતના લોકોનો આભાર માનીએ છે. દરમિયાન ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટીના નેતા સીતારામ યેચુરીએ પણ ગાઝામાં ઈઝરાયેલની કાર્યવાહીને નરસંહાર સાથે સરખાવીને કહ્યુ હતુ કે, આંતરરાષ્ટ્રીય સમુદાયે ગાઝામાં યુધ્ધ સમાપ્ત કરવા માટે આહ્વાન કરવુ જોઈએ.

ઉલ્લેખનીય છે કે, બે મહિના કરતા વધારે સમયથી ચાલી રહેલા જંગમાં ગાઝા પટ્ટીમાં જ ૧૮૦૦૦ કરતા વધારે લોકોના મોત થયા હોવાનુ પેલેસ્ટાઈનના સ્વાસ્થ્ય મંત્રાલયનુ કહેવુ છે. જોકે ઈઝરાયેલ હમાસને ખતમ કર્યા વગર જંગ રોકવાના મૂડમાં નથી.

### વિશ્વના બીજા અને જાપાનના પ્રથમ સૌથી વૃદ્ધ મહિલા

## ફુસા તત્સુમીનું ૧૧૬ વર્ષની ઉંમરમાં કાશિવારાના આરોગ્ય કેન્દ્રમાં નિધન

### ૧૨ ડિસેમ્બરના રોજ પોતાનો મનપસંદ ખોરાક બીન પેસ્ટ જેલી ખાધા બાદ તેમનું નિધન થઈ ગયું હતું

। ટોકિયો, તા.૧૩ ।

વિશ્વના બીજા અને જાપનના પ્રથમ સૌથી વૃદ્ધ મહિલા ફુસા તત્સુમીનું ૧૧૬ વર્ષની ઉંમરમાં કાશિવારાના આરોગ્ય કેન્દ્રમાં નિધન થઈ ગયુ છે. ગઈ કાલે ૧૨ ડિસેમ્બરના રોજ પોતાનો મનપસંદ ખોરાક બીન પેસ્ટ જેલી ખાધા બાદ તેમનું નિધન થઈ ગયુ હતું. તેમના મૃત્યુનું કારણ વૃદ્ધાવસ્થા હોવાનું જણાવાય રહ્યું છે.



તત્સુમીને ગત વર્ષે ૧૧૯ વર્ષીય કેન તનાકાના નિધન બાદ વિશ્વના બીજા સૌથી વૃદ્ધ મહિલા ગણાવવામાં આવ્યા હતા. ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સે પણ ગત વર્ષે એપ્રિલમાં તનાકાને વિશ્વની સૌથી વૃદ્ધ વ્યક્તિનો દરજ્જો આપ્યો હતો. તત્સુમી વિશ્વની ૨૭મા સૌથી વૃદ્ધ વ્યક્તિ અને જાપાનના સાતમા સૌથી વૃદ્ધ વ્યક્તિ ગણાવવામાં આવ્યા હતા.વર્ષ ૧૯૦૭માં જન્મેલા તત્સુમી તેમના ત્રણ બાળકો અને પતિ સાથે ઓસાકામાં રહેતા હતા. હાલના દિવસોમાં તેઓ મોટાભાગનો સમય આરોગ્ય કેન્દ્રમાં જ વીતાવતા હતા.

કેટલાક અહેવાલો પ્રમાણે ફુસા તત્સુમીને અગાઉ કોઈ સ્વાસ્થ્ય સમસ્યાઓ નહોતી અને ક્યારેય ગંભીર રીતે ઘાયલ પણ નહોતા થયા. જોકે ૭૦ વર્ષની ઉંમરે પડી જવાને કારણે તેમના પગનું હાડકું તૂટી ગયુ હતું. તત્સુમીના નિધન પર તેમના ૭૬ વર્ષના પુત્ર કેન્જીએ કહ્યું કે, આ ઉંમર સુધી પહોંચવા માટે તેમણે ખૂબ સારું કામ કર્યુ. ઓસાકાના ગવર્નર હિરોફુમી યોશીમુરાએ પણ તત્સુમીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. આ વર્ષે સપ્ટેમ્બરમાં તત્સુમીની લાંબી ઉંમરનો જશ્ન મનાવવા માટે આયોજિત એક પાર્ટીને યાદ કરતા તેમણે કહ્યું કે, તે સમયે ફુસા તત્સુમી કેટલા સ્વસ્થ હતા. જાપાન વિશ્વમાં સૌથી વધુ આયુષ્ય ધરાવતા દેશોમાંનો એક છે.

આવા ઘણા લોકો અહીં રહે છે જેમની ગણતરી વિશ્વના સૌથી વૃદ્ધ માણસોમાં કરવામાં આવે છે.

## તંત્રી લેખ...

# સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો એટલો જ ઐતિહાસિક

સુપ્રીમ કોર્ટે જમ્મુ-કાશ્મીરથી કલમ-૩૭૦ને હટાવવાના કેન્દ્ર સરકારના નિર્ણયને યોગ્ય ઠેરવીને આ ભાગલાવાદી અને ભેદભાવ કરનારી બંધારણીય જોગવાઈને હંમેશ માટે ઈતિહાસમાં દફન કરી દીધી. સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો એટલો જ ઐતિહાસિક છે, જેટલો ચાર વર્ષ પહેલાં કલમ-૩૭૦ની સાથે જ ૩૫-એને હટાવવાનો મોદી સરકારનો સાહસિક નિર્ણય હતો. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદાથી કલમ-૩૭૦ને ફરીથી લાગુ કરવાનાં મુંગેરીલાલ જેવાં સ્વપ્ન જોઈ રહેલાં તત્ત્વો અને નેતાઓને પણ લપડાક લગાવી છે. તેમણે આ સંદેશ ખુલ્લા મને ગ્રહણ કરવાની સાથે જ કાશ્મીર ઘાટીના લોકોને એ ખોટો દિલાસો આપવાનું બંધ કરી દેવું જોઈએ કે તેમના પ્રયત્નોથી ભવિષ્યમાં ક્યારેય આ કલમની બહાલી થઈ શકે છે. એવું કશું જ હવે થઈ શકવાનું નથી, કારણ કે સુપ્રીમ કોર્ટે એ સ્પષ્ટ કરી દીધું કે અનુચ્છેદ-૩૭૦ એક અસ્થાયી જોગવાઈ હતી અને સંસદ દ્વારા તેને હટાવવાનો જે નિર્ણય લેવામાં આવ્યો, તે કાયદાસંમત હતો. વાસ્તવમાં સુપ્રીમ કોર્ટે પોતાના ફેંસલાથી આ કલમની બહાલીનો રસ્તો પણ બંધ કરી દીધો. જો આ અસ્થાયી કલમને સમય રહેતાં નિષ્પ્રભાવી કરી દીધી હોત તો સંભવતઃ જમ્મુ-કાશ્મીરમાં અલગતાવાદ અને આતંકવાદે માથું ન ઊંચક્યું હોત અને ત્યાં આટલી તબાહી ન થઈ હોત. આ કલમ માત્ર ભાગલાવાદનું કારણ જ ન હતી, બલ્કે જમ્મુ-કાશ્મીરના વંચિત વર્ગોના અધિકારોનું નિર્મમતાથી દમન કરનારી પણ હતી. આ કલમને કારણે પાકિસ્તાનના કબ્જાવાળા જમ્મુ-કાશ્મીરથી જીવ બચાવીને આવેલા લોકોની સાથે તો અન્યાય થઈ જ રહ્યો હતો, અનામત વર્ગોના એ અધિકારોનું હનન પણ થઈ રહ્યું હતું, જે સંસદ દ્વારા બનાવવામાં આવેલ કાયદાઓને કારણે તેમને મળવી જોઈતી હતી. દુર્ભાગ્ય આપણું કે કલમ-૩૭૦ની અન્યાયપૂર્ણ પ્રક્રિયા બાદ પણ સંકીર્ણ રાજકીય સ્વાર્થને કારણે એ દુષ્પ્રચાર કરાતો રહ્યો કે તે તો જમ્મુ-કાશ્મીરને શેષ ભારત સાથે જોડનારી એક મહત્ત્વપૂર્ણ કડી છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં આગામી વર્ષે સપ્ટેમ્બર સુધીમાં ચૂંટણી કરાવવાની સાથે જ કેન્દ્રશાસિત જમ્મુ-કાશ્મીરના રાજ્યના દરજ્જાને વહેલી તકે બહાલ કરવાની સલાહ પણ આપી. એવું કરવું જ જોઈએ, પરંતુ ત્યારે જ, જ્યારે ત્યાંથી હાંકી કાઢવામાં આવેલા કાશ્મીરી હિંદુઓની વાપસીનો રસ્તો સ્પષ્ટ થઈ જાય, નહીં તો નહીં! છેલ્લા ચાર દાયકામાં કાશ્મીરમાં અત્યાચાર અને દમનની સાથે લાખો કાશ્મીરી હિંદુઓનું જે પલાયન થયું અને તેઓ પોતાના દેશમાં જ જે રીતે શરણાર્થી બનવા મજબૂર થયા, તે એક કરુણાંતિકા છે, જેને ભૂલવી ન જોઈએ. એ સારું થયું કે સુપ્રીમ કોર્ટે લોકોના ઘા ભરવા માટે દક્ષિણ આફ્રિકાની તરજ પર સત્ય અને સુલેહ આયોગ રચવાનો નિર્દેશ આપ્યો. જોકે સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ પાકિસ્તાન સહિત દેશવિરોધી અન્ય શક્તિઓનો તરફડાટ સ્વાભાવિક છે, તેથી ભારત સરકારે સતર્ક રહેવું પડશે.

## કાશ્મીર ઘાટીમાં ભાગલાવાદ માટે જવાબદાર બે કારકો આજે પણ મોજૂદ છે

જમ્મુ-કાશ્મીરમાં કલમ-૩૭૦ને ખતમ કરી દેવાના મોદી સરકારના નિર્ણયની કાયદેસરતા પર સુપ્રીમ કોર્ટે પણ પોતાની મહોર મારી દીધી છે. સુપ્રીમ કોર્ટે મોદી સરકારના આ સાહસિક પગલાને પડકાર આપવા અને કેટલાય બદલાવ લાવવા વિરુદ્ધ ઉઠાવવામાં આવેલ વાંધાને ફગાવી દીધા. આ ચુકાદાએ ભાગલાવાદીઓ અને બંધારણીય રીતે રાજ્યના અલગ દરજ્જાનો દાવો કરનારાં તત્ત્વોની દલીલોને એમ કહીને હંમેશ માટે ફગાવી દીધી કે ભારતમાં વિલયના નિર્ણયની સાથે જ જમ્મુ-કાશ્મીર ભારતીય બંધારણને આધીન આવી ગયું હતું. શીર્ષ અદાલતે રાષ્ટ્રપતિ અને સંસદના અધિકારોને પણ ન્યાયસંગત ઠેરવ્યા. સુપ્રીમે ચૂંટણી પંચને આગામી વર્ષે સપ્ટેમ્બર સુધી ત્યાં ચૂંટણીઓ કરાવવાનું પણ કહ્યું. ગત દિવસે જ લોકસભાથી પસાર જમ્મુ-કાશ્મીર સંબંધી બે વિધેયક રાજ્યસભામાં રજૂ થયાં. તેમાંથી એક વિધાનસભાના પુનર્ગઠન અને ૧૧૪ સીટોવાળી રાજ્ય વિધાનસભામાં કાશ્મીરી વિસ્થાપિતો માટે બે અને ૧૯૪૭ના પાકિસ્તાની હુમલાને કારણે પાકિસ્તાનના કબ્જાવાળા જમ્મુ-કાશ્મીર એટલે કે પીઓકેથી વિસ્થાપિતો માટે એક સીટ નામિત કરવાની જોગવાઈ છે. બીજા વિધેયકમાં રાજ્યની મહિલાઓ, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને અનામત સહિત એ જ અધિકાર આપવાની વ્યવસ્થા છે, જે બાકી ભારતમાં તેમને મળેલી છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા પર આનંદ થવો સ્વાભાવિક છે, પરંતુ એ ભૂલવું ન જોઈએ કે કાશ્મીર ઘાટીમાં ભાગલાવાદ માટે જવાબદાર બે કારકો આજે પણ મોજૂદ છે. એક છે ત્યાંની વિધાનસભામાં પીઓજેકેના નામે ૨૪ સીટો ખાલી રાખીને આખા પ્રશાસન અને વિધાયી શક્તિઓ પર કાશ્મીર ઘાટીનો દબદબો જાળવી રાખવો. બીજું છે દેશ-દુનિયામાં કાશ્મીરને લઈને ભારત વિરોધી નરેટિવ પેદા કરનારા તંત્રની અવગણના કરવી. આ જ તંત્ર દેશ-દુનિયામાં કાશ્મીર ઘાટીને લઈને ભારત વિરોધી નરેટિવ ઉપલબ્ધ કરાવે છે. કાશ્મીરી હિંદુઓ સાથે પીઓજેકેથી વિસ્થાપિત સમુદાય જમ્મુ-કાશ્મીરની વિધાનસભા પર કાશ્મીર ઘાટીના દબદબાને ખતમ કરવાની માંગ કરી રહ્યા છે. તેમને વાંધો છે કે ૧૯૫૧માં વડાપ્રધાન નેહરુએ પોતાના માનીતા શેખ અબ્દુલ્લાને રાજ્યના 'વડાપ્રધાન' બનાવીને રાજ્ય વિધાનસભાના પરિસીમનની ખુલ્લી છૂટ આપી દીધી, તેણે ભારત-વિરોધ અને અલગતાવાદનાં એવાં બીજ વાવ્યાં, જે સમય સાથે વિષવૃક્ષ બની ગયાં. એ પરિસીમનમાં ખંધા શેખે ૧૦૦ સીટોવાળી વિધાનસભાની રચના કરી, જેમાં ૪૩ સીટો કાશ્મીર ઘાટી માટે, ૩૦ જમ્મુ માટે અને બે સીટો લદાખ માટે રાખવામાં આવી. બાકી સીટો એ આધાર પર ખાલી છોડી દીધી કે જ્યારે પીઓજેકે ભારતમાં પાછું આવી જશે, ત્યારે ત્યાંના પ્રતિનિધિઓથી આ સીટો ભરવામાં આવશે. ૧૯૫૭ના 'જમ્મુ-કાશ્મીર જનપ્રતિનિધિત્વ એક્ટ'ના રસ્તે આ જ વ્યવસ્થા પર મહોર લગાવી દેવામાં આવી અને બાદમાં ૧૯૯૫ના પુનર્ગઠનમાં વિધાનસભાની ૧૧૧ સીટોમાંથી કાશ્મીર ઘાટી માટે ૪૬, જમ્મુ માટે ૩૭, લદ્દાખ માટે ૪ સીટો અને પીઓજેકેના નામે ૨૪ સીટો છોડીને નક્કી કરી દીધું કે ૮૭ સીટોવાળી વિધાનસભામાં કાશ્મીર ઘાટીનું પ્રભુત્વ રહેશે.વિસ્થાપિત સંગઠન એનાથી ચિંતિત છે કે બંને વિસ્થાપિત સમાજોએ કુલ મળીને માત્ર ત્રણ નામિત સીટો આપીને વિધાનસભા પર કાશ્મીરના વર્ચસ્વને અનંતકાળ માટે માન્યતા આપવામાં આવી રહી છે. ન્યાયસંગત એ હશે કે સદનમાં ખાલી રાખવામાં આવેલી ૨૪ સીટોમાંથી ૧૨ કાશ્મીરી વિસ્થાપિતો અને બાકી ૧૨ પીઓજેકે વિસ્થાપિતોથી ભરીને એવી વિધાનસભાની રચના કરવામાં આવે.

# નૈયા ઝુકાવી મેં તો જોજે ડુબી જાય ના ! એ પ્રાર્થના થકી આપણી જીવન નાવ એને સોંપી નિશ્ચિત થઈએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પ્રાર્થના એટલે સીધા સાદા શબ્દોમાં કહીએ તો ઈશ્વર ને રજુઆત કરવી. સામાન્ય રીતે જીવને જ્યારે જ્યારે કંઈ ન સુઝે એવી પરિસ્થિતિમાં આવે, ત્યારે તેને ઈશ્વર યાદ આવે છે. સંજોગો કદાચ એટલા દરેક વખતે ખરાબ નથી હોતા, પરંતુ આપણી સહનશક્તિ ઓછી હોવાને કારણે તેને વધુ પડતા ગંભીર બનાવી દેવામાં આવે છે,તો ક્યારેક કોઈની સહનશક્તિ વધુ હોય તો, એ આવા સંજોગો ને સહન કરીને મૌન થતો જાય છે.ખાસ કરીને પારિવારિક સંબંધમાં કોઈને સહન કરવું પડતું હોય તો કાંતો, એ વ્યક્તિ મૌન બની જાય, અને કાંતો એ વ્યક્તિ વિદ્રોહ કરે છે.જો વ્યક્તિ મૌન બની જાય તો એની પાસે ઈશ્વર ને રજુઆત કરવા સિવાય એક પણ રસ્તો નથી,અને ઈશ્વર જ તેની આ પરિસ્થિતિનો હલ લાવી શકે તેમ છે, એમ સમજી એ ચરણોમાં શરણાગત ના ભાવ સાથે પ્રાર્થના કરે છે. પરંતુ એનો એનો મતલબ એવો નથી, કે ઈશ્વરને પ્રાર્થવા માટે આવી કોઈ ઘડીની પ્રતીક્ષા કરવી, અથવા તો નાની સમસ્યા વખતે ઈશ્વરને પરેશાન કરવા! પણ એક વાત નક્કી છે કે ક્યાંય માર્ગ ન દેખાય ત્યારે જીવન રાહ પ્રકાશિત કરવા માટે ઈશ્વર જ સમર્થ છે. મોટાભાગનાની જીંદગી, સમર્થ ને સમર્થ સમજવામાં જ ચાલી જાય છે, અને સમજાય ત્યારે લગભગ જીવનનો આરો હોય છે. પણ પ્રાર્થના આપણે દર વખતે કહ્યું એમ સામાજિક કે વૈશ્વિક શાંતિ માટે સામુહિક રીતે થતુ ગાન છે, આજે વિશ્વ આખા સામે વિશ્વ યુદ્ધ નો ખતરો છે, અને સૌ એટલે ચિંતિત છીએ. કારણ ગમે તે હોય, પણ આ અશાંતિ નો સામનો ગમે ત્યારે ગમે તે દેશને થઈ શકે તેમ છે, એ વાતથી કોઈ અજાણ નથી. પ્રશ્ન સૃષ્ટિનો હોય, કે સમાજનો પણ તેનું ચક્ર અનિયમિત કરનાર અંતે તો આપણે જ છીએ, અને પેલા નાના બાળકની જેમ બધું ઉંધુચત્તું કરીને પછી ન થાય એટલે રાડારાડ કરે, તેમ હવે બધે જ પ્રદુષણ ને ભ્રષ્ટાચાર કે અનીતિનુ આચરણ કરી હવે બૂમબરાડા પાડીએ છીએ, ને પછી કોઈ જ રસ્તો ન દેખાતા સર્વ સમર્થ ઈશ્વર ને શરણે જઈએ છીએ, અથવા સમર્થ ની શરણાગતિ સ્વીકારીએ છીએ. આપણે આજે આવી જ એક પ્રાર્થના વિશે વાત કરીશું.

**નૈયા ઝુકાવી મેં તો**

નૈયા ઝુકાવી મેં તો જોજે ડુબી જાય ના, ઝાંખો ઝાંખો દિવો મારો જોજે રે બુઝાય ના સ્વાર્થનું સંગીત ચારે કોર બાજે, કોઈનું કોઈ નથી દુનીયા માં, આજે તનનો તંબુરો જોજે બેસુરો થાય ના ૫ ઝાંખો ઝાંખો દીવો પાપ ને પુણ્યના ભેદ રે ૫ રખાતા રાગ ને દ્વેષ આજે, ઘટ ઘટ ઘુંટાતા જોજે, આ જીવનમાં ઝેર પ્રસરાય ના ૫ ઝાંખો ઝાંખો દીવો શ્રધ્ધાના દિવડા ને, જલતો તું રાખજે નિશદિન, સ્નેહ કેરું તેલ એમાં નાખ, જે મનને મંદીર જોજે અંધકાર થાય ના ૫ ઝાંખો ઝાંખો દીવો મારો જોજે બુઝાય ના.

કેટલું સુંદર પ્રાર્થના ગીત છે, પરંતુ આટલી સરસ રચનાનાં રચયિતા વિશે બહુ કોઈ ખાસ માહિતી નથી. ગુગલ પણ આમાં મારી કોઈ સહાયતા ન કરી શક્યું. કેવી અજીબ લાગે તેવી વાત છે નહીં!! આપણે તો પાંચ શબ્દો આમતેમ કરી લખીએ તો મારી રચના!! મારી રચના!! કરી ઢંઢેરો પીટ્યા કરીએ છીએ, અને આટલી સરસ રચના કોઈ આપણને દાન કરી ગયું. છતાં કોઈની જાણમાં હોય તો એને નમન.આમ પણ કવિ જ્યારે લખે છે, ત્યારે તે કોઈ પ્રસિદ્ધિ માટે થોડુ લખે છે! એ તો પોતાના આત્મ સંતોષ માટે લખે છે, અને વધુ કહીએ તો પોતાના મનની પરિસ્થિતિથી ઈશ્વર ને વાકેફ કરે છે. અથવા તો મારો પોતાનો અનુભવ ટાંકું તો ઘણીવાર કંઈ જ સુઝતું ન્હોય! અને એમ થાય આજે શું લખીશ! ત્યારે જન હિતાય ક્યારેક અસ્તિત્વ જ લખાવે છે.

કવિ પોતાના જીવનને નાવ કહે છે,અને આ સંસારમાં તેને મેં નાખી કે ઝુકાવી છે, તો હે ઈશ્વર તું એ ડુબે નહીં તેનું ધ્યાન રાખજે. સંસારી ઓનાં આત્મ દીપ માંડ માંડ પ્રગટતા હોય અને પ્રગટ્યા હોય તોય ઝાંખા જ હોય, કારણ કે અનીતિથી તે ગમે સમયે તે પલટી જાય તે કહેવાય નહીં, તો આત્મ દીપનો ઝાંખો ઝાંખો દીવો મારો બુઝાય નહીં તેનો ખ્યાલ રાખજે. જગત મિથ્યા છે અને સ્વાર્થી છે, ચારેબાજુ થી એવા અનુભવ થાય છે.

કોઈ નું કોઈ સગું નથી. આ દુનિયાની ભયંકર હતાશાની પરિસ્થિતિમાં કવિ ફસાઈ ગયા છે, અને ક્યારે વિદ્રોહ કરી જાય તે કહેવું મુશ્કેલ છે, માટે ઈશ્વર ને પ્રાર્થના કરે છે કે મારા તનનો તંબુરો બેસુરો થાય નહીં, કેટલું અદભૂત કલ્પન! સામાન્ય રીતે તન એટલે શરીર બેસુરુ એટલે અસ્વસ્થ પણ કહી શકાય પણ કવિ મન ને કારણે તન ખરાબ ન થાય એવી વાત કરતા હોય એવું લાગે છે. દુનિયામાં ચારેબાજુથી સંબંધની રીતે ભીંસમાં આવી ગયા છે, પોતાના ને દુનિયા ના મતે પાપ પુન્યનો કરો ભેદ હવે સમજાય છે,ઉપર ઉપરથી જ તેને ડરી ને આજ સુધી જે મહત્વ અપાયું હતું, અને ખોટા ખોટા રાગ દ્વેષના કારણોથી સાંસારિક પ્રવૃત્તિમાં સતત જોડાયેલો રહું છું, અને અંતરના આ ભાવ રક્તની જેમ ઘુટાય તો તેનું ઝેર પ્રસરાય નહીં તેનું હે ઈશ્વર ધ્યાન રાખજો.મારી તારા તરફની શ્રદ્ધા અખંડ રાખજે,એ એટલે શ્રદ્ધાનો દીવો નિરંતર પ્રગટેલો રહે એ માટે સ્નેહનું તેલ તું એમાં પુરતો રહેજે, અને મન ને મંદિરિયે અંધારું થાય નહીં એનો ખ્યાલ તું રાખજે, અને આ ઝાંખો ઝાંખો દીવો મારો બુઝાય નહીં એનું તું ધ્યાન રાખજે. આમ કવિ ઈશ્વર ચરણે શરણાગતિ સ્વીકારી ને આ પ્રાર્થના કરે છે.

આમ તો દરેકના જીવનમાં આવી ઘડી આવે જ છે, પરંતુ ત્યારે ઘણા શરણાગતિ સ્વીકારે છે અને ઘણા બગાવત કરે છે.બગાવત કરે એ જીવન મુલ્યો ને કોરે મુકીને જીવે છે, પછી તેના જીવનમાં નીતિ જેવું કંઈ રહેતું નથી, અને આવા લોકો ને કારણે સમાજનું પતન થાય છે. જ્યારે શરણાગતિ સ્વીકારનાર ઈશ્વર ચરણે જાય છે ને કહે છે કે આવી વિકટ પરિસ્થિતિમાંથી તમે મને બહાર કાઢો, અથવા હવે જે કંઈ આયુષ્ય બચ્યું છે એ તે ધાર્યું હોય તેમ જીવીશ,મારી બુદ્ધિની કોઈ ચતુરાઈ કે ચંચળતા એમાં વચ્ચે નહીં નાખું. આમ જુવો તો ખેલ બધા બુદ્ધિ ના જ છે, તે જ જીવને પણ નચાવે છે, અથવા પ્રપંચ કરાવે છે. આપણે સૌ પણ ઈશ્વર ચરણે શરણાગતિ સ્વીકારી ને કેટલીય વૈશ્વિક સમસ્યાનું સમાધાન મેળવવા, શરણાગતિ એક માત્ર વિકલ્પ છે, બાકી લાખ ઉપાય કરો બધું જ નકામું સાબિત થાય છે. ઈશ્વર ને ઈશ્વર તરીકે સ્વીકારતા આપણને આટલો સમય લાગી ગયો, હવે જ્યારે માની ગયા છીએ કે એ એક માત્ર સમર્થ છે, તો એના શરણે જઈને એને જાત સોંપી નિશ્ચિત થવામાં જ ભલાઈ છે.આપણે સૌ એના ચરણમાં જાત સોંપીને કાચીંડા જેમ વારંવાર રંગ બદલતા સંબંધ કે સંસારમાં નિશ્ચિત થઈ જીવન જીવીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવી પ્રાર્થના સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# કોઈપણ અવસ્થામાં ઈશ્વરથી વિભક્ત થશો નહીં, વૃત્તિ બહિર્મુખ થાય તો દુઃખ આપે છે, ત્રાસ આપે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા


ભાગવતમાં કર્મની નિંદા નથી, પણ સકામ કર્મની નિંદા ભાગવતમાં ઠેર ઠેર કરવામાં આવે છે. ભાગવતમાં શાસ્ત્રમાં કેવળ ભક્તિનો જ મહિમા છે અને કર્મને ગૌણ માન્યું છે તેવું નથી. પણ સકામ કર્મને ગૌણ માન્યું છે. કર્મ કરો ત્યારે એક જ હેતુ રાખો કે, મારા ઠાકોરજી પ્રસન્ન થાય.

મંત્રમાં ભૂલ થવાથી યજ્ઞકુંડમાંથી વૃત્રાસુર નીકળ્યો. વૃત્રાસુર દેવોને ત્રાસ આપવા લાગ્યો. દેવોના અસ્ત્ર શસ્ત્રોને ગળી જવા લાગ્યો. દેવો પરમાત્માને શરણે ગયા. પરમાત્માએ દેવોને કહ્યું કે, દધીચિ ઋષિનાં અસ્થિનું વજ બનાવો. તેનાથી વૃત્રાસુર મરશે.

સાથોસાથ ભગવાને દેવોને ઠપકો આપ્યો કે, મને પ્રસન્ન કરી શ્રેષ્ઠ ભક્તિ જેવું વરદાન માગવાને બદલે તમે આવી તુચ્છ વસ્તુ કેમ માગી. દધીચિ ઋષિએ પોતાના અસ્થિ પ્રસન્ન થઈને આપ્યાં. તેમાં પોતાનું દિવ્ય તેજ પ્રભુએ પધરા વ્યું. તેજ વજ થયું. વૃત્રાસુરને મારવા ઈન્દ્ર આ વજ લઈ યુદ્ધ કરવા લાગ્યા.

વૃત્રાસુર એટલે ત્રાસ આપનારી વૃત્તિ.વૃત્તિ અંતર્મુખ થાય તો જીવ-ઈશ્વરનું મિલન થાય. કોઈપણ અવસ્થામાં ઈશ્વરથી વિભક્ત થશો નહીં.વૃત્તિ બહિર્મુખ થાય તો દુઃખ આપે છે, ત્રાસ આપે છે. બહિર્મુખ વૃત્તિ એ જ વૃત્રાસુર. તે દેવોને પણ ત્રાસ આપે છે. વૃત્તિ બહિર્મુખ થાય તો કથામાં કે મંદિરમાં, દર્શનમાં આનંદ આવતો નથી. બહિર્મુખ વૃત્તિને જ્ઞાનરૂપી વજથી કાપી નાખો. જ્ઞાનરૂપ કુહાડા વડે વિષયવૃત્તિઓ રૂપી વૃત્રાસુરને મારો, તો ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવોને શાંતિ મળશે.

ભાગવતમાં પહેલાં ચરિત્ર કહે છે. પછી સિદ્ધાંત કહે છે. બ્રહ્મનિષ્ઠા એવી દઢહોવી જોઈએ કે,અન્ય વિષયોમાં જવાનું મન ન થાય. મનુષ્ય વિષયોમાં આનંદ શોધવા જાય છે, એટલે આનંદ મળતો નથી. પ્રભુ ભજનમાં વજ જેવી દઢ નિષ્ઠા રાખો. દધીચિ બ્રહ્મનિષ્ઠ છે. તેથી તેના અસ્થિમાં પણ દિવ્યતા આવી છે.તમારા અસ્થિ એટલે સંપૂર્ણ સત્ત્વ સાથે પ્રભુભજન કરો.માળાના એક કરોડ જપ થાય તો માળામાં દિવ્યતા આવે છે, મેતન આવે છે.મંત્ર,મૂર્તિ અનેમાળા કોઈ દિવસ બદલશો નહીં. પ્રત્યેક મંત્રમાં દિવ્ય શક્તિ છે. હું મંત્ર પ્રાપ્ત થયો હોય



તેમાં દઢ નિષ્ઠા રાખી તેનો જપ કરો. મૂર્તિ પણ બદલવી નહીં. માળા પણ બદલવી નહીં. તેમાં જે સ્વરૂપમાં રુચિ હોય તેમાં પૂર્ણ નિષ્ઠા રાખો. ભગવાન તેમાંથી પ્રગટ થશે. દધીચિનાં અસ્થિનું વજ ધારણ કરી ઈન્દ્ર વૃત્રાસુર સાથે યુદ્ધ કરવા ગયો. ઈન્દ્ર વૃત્રાસુરનું ભયંકર યુદ્ધ થયું, ને ઈન્દ્ર જીત્યો. પણ શાથી? એના યજ્ઞમાંથી પેદા થયેલો વૃત્રાસુર પુષ્ટિ ભક્ત છે.પુષ્ટિ એટલે અનુગ્રહ. ઈન્દ્રના હાથમાં વજ છે. તેમાં નારાયણ છે, પણ ઈન્દ્રને દેખાતા નથી.પણ પુષ્ટિ ભક્ત હોવાથી વૃત્રાસુરને પરમા ત્મા દેખાય છે,તેથી પરમાત્માને હૃદયમાં અંગીકાર કરવા તે અધીરો થાય છે ને ઈન્દ્રને કહે છે, ઈન્દ્ર, તું જલદી વજ માર. ભલે તારી જીત થાય, પણ તારા કરતાં મારા ઉપર ભગવાનની કૃપા વિશેષ છે.જે જીવના ઉપર પરમેશ્વર વધારે કૃપા કરે છે, તેને લૌકિક સુખ વધારે આપતા નથી. લૌકિક સુખ મળે તો જીવ ઈશ્વર થી વિમુખ થાય છે. શ્રીકૃષ્ણનું સેવાસ્મરણ લૌકિક સુખ માટે કરશો નહીં. લૌકિક સુખમાં વિઘ્ન આવે તો સમજવું કે, અલૌકિક સુખનું દાન પ્રભુ મને આપવાના છે તેથી વિઘ્ન આવ્યું છે.જેના ઉપર અસાધારણ કૃપા હોય છે, તેને લૌકિક સુખ માટેનો પ્રયત્ન ભગવાન સફળ થવા દેતા નથી. જે જીવ ઉપર ભગવાન સાધારણ કૃપા કરે છે તેને ભગવાન લૌકિક સુખ આપે છે. આથી પુષ્ટ ભક્ત વૃત્રાસુર બોલ્યો યશપાલ સિંહ ટી. વાઘેલા શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા છે,ઈન્દ્ર,તારી જીત થવાની છે.તને સ્વર્ગનું રાજ્ય મળવાનું છે,પણ હું તો મારા ઠાકોર જીના ધામમાં જઈશ કે,જ્યાંથી મારું પતન થવાનું નથી.તારું સ્વર્ગ માંથી પતન થશે, પણ મારું પતન થવાનું નથી. ભલે મને લૌકિક સુખ ન મળે પણ હું ભગવાનના ધામમાં જઈશ.

છેલ્લે વૃત્રાસુર શ્રીહરિની સ્તુતિ કરે છે.વૃત્રાસુરની સ્તુતિના વૈષ્ણવગ્રંથો એ ખૂબ વખાણ કરેલાં છે. સ્તુતિના ત્રીજા શ્લોકને ઘણા મહાત્માઓએ પોતાનો પ્રિય શ્લોક માન્યો છે.ઘણા મહાત્માઓ આ પ્રાર્થનાનું રટણ કરે છે.

હે હરિ,હું તો તમારાં જ ચરણ કમળનો અનન્ય દાસાનુદાસ છું અને નવા જન્મે પણ એ જ હું એવી મારી પ્રાર્થના છે. મારું મન તમારા મંગલમય ગુણોનું સ્મરણ કરતું રહો, મારી વાણી આપના ગુણોનું જ ગાન કરો અને શરીર તમારી સેવામાં જ સંલગ્ન રહો.

આપને છોડીને હે પ્રભુ! સ્વર્ગ, બ્રહ્મલોક, ભૂમંડળનું સામ્રાજ્ય રસાતળનું આધિપત્ય કે યોગની સિદ્ધિ અરે જન્મમરણના તમારા માં જ આવી ગયું! ફેરામાંથી મુક્તિની પણ મને ઈચ્છા નથી. મારે તો બધું રીતે પાંખો અણીઓની રાહ જુએ, અને વિયોગીની પત્ની પોતાના પ્રતિ મળવા પાંખો આવી ન હોય એવા પક્ષીઓનાં બચ્ચાં જેમ માતાની રાહ બનો એહે તેવી રીતે હે કમલનયન! મારું મન આપનાં દર્શન કરવા માટે તરફડિયાં મારી રહ્યું કે પ્રભો! હું મુક્તિ ઈચ્છતો નથી. મારા કર્મોનાં ફળ સ્વરૂપ મારે વારંવાર જન્મ મૃત્યુના ચક્કરમાં ભટકાવું પડે તેની મને પરવા નથી, પરંતુ જ્યાં જ્યાં જે જે યોનિમાં મારો જન્મ થાય ત્યાંતો ભગવાનના લાડીલા પુણ્ય શ્લોક ભક્તજનોનું મને સખ્ય મળી રહો! ભગવાન, હું ફક્ત એટલું ચાહું છું કે, જે લોકો તમારી માયાથી શરીર, ઘરમાં અને સ્ત્રીપુત્રાદિમાં આસક્ત થઈ રહ્યા છે. વાછરડાં જેવા તેવાઓની સાથે મારો કોઈ પણ પ્રકારનો કોઈ દિવસ સંબંધ ન થાઓ! ભાવ શરણાગતિની કેવી અદ્ભુત પ્રાર્થના છે. જીવ જ્યારે દીન થાય અને પ્રભુને શર્ણ જાય છે ત્યારે પ્રભુ તેને અપનાવે છે. વૃત્રાસુરમાં કેટલું દૈત્ય છે! તે કહે છે,તે ભાગવત સેવા કરવા હું લાયક નથી. હું તો ભગવાનના દાસનો દાસ છું, ને દાસના દાસની સેવા કરીશ. હું તે ભગવાનની સેવા કરનાર વૈષ્ણવોની સેવા કરીશ. (દાસાનુદાસ) વૃત્રાસુર એક-એક ઈન્દ્રિયન પ્રભુ સમર્પિત કરે છે, ભક્તિરસનું દાન કરે છે. મારી વાણી શ્રીકૃષ્ણકીર્તન કરો, મારા કાન તમારી કથા સાંભળો વગેરે.

ભક્તિ વૈરાગ્ય વગર દઢ થતી નથી. એટલે વૃત્રાસુરને ભક્તિ કરી ઈન્દ્રનું રાજ્ય લેવાની કે મોક્ષની અપેક્ષા નથી. વૃત્રાસુર કહે છે, મને સ્વર્ગનું તો શું બ્રહ્મલોકનું રાજ્ય પણ જોઈતું નથી. ભોગ એ ભક્તિમાં બાધક છે. વૃત્રાસુર કહે છે, મને કોઈપણ પ્રકારની ઈચ્છા નથી. તમારી સેવા કરું છું તે ફક્ત તમારા માટે, કોઈ ભોગની કે ફળની આશાએ નહીં જ. આમ અપૂર્વ છે વૃત્રાસુરની શરણાગતિ. જ્ઞાન-વૈરાગ્ય વધે એટલે સર્વ ભગવાનમય લાગે છે. હવે હુંપણું રહેતું નથી. જગતમાં ભગવાન જ છે. તે સિવાય બીજું કાંઈ નથી. 'હું' રહેતું નથી. હુંપણું ઈશ્વરમાં લીન થાય છે. શરણાગતિ વૈરાગ્ય વિના દઢ થતી નથી.લબાસુર કહે છે કે, પ્રભુ તમારાં દર્શન માટે મને આતુર બનાવો. પરમાત્મા પૂરો પ્રેમ માગે છે. ભગવાનનાં દર્શન માટે કેવી આતુરતા જોઈએ તે વૃત્રાસુર બતાવે છે. પંખીનાં બચ્ચાં જેવી, વાછરડાં કે જેવીને વિરહિણી પત્ની જેવી રોમ રોમથી બોલતી આતુરતા જોઈએ. જીવ પરમાત્મા ને પરિપૂર્ણ !પ્રેમ આપતો નથી. એટલે જીવ ઈશ્વરને ગમતો નથી. જીવ પ્રેમ આપે છે સ્ત્રીપુત્રાદિકમાં.મને એક જ ઈચ્છા થાય છે તમારા દર્શન માટે હું આતુર બનું.

છેલ્લે વૃત્રાસુરે સત્સંગની માગણી કરી છે. મને જો જન્મ મળવાનો હોય તો વૈષ્ણવના ઘરની ગાય થવા હું તૈયાર છું. મારું દૂધ પ્રભુના માટે વપરાય તે બસ. પશુ શરીરમાં પણ મને સત્સંગમાં ભગવાન મુક્તિ જલદી આપે છે, ભક્તિ જલદી આપતા નથી. ભગવાન ભક્તિ આપે, તો કોઈ વખત એમને ઘરે સેવક બનવું પડે છે.ભક્તિ સ્વતંત્ર પરમાત્માને પ્રેમ નાં બંધનમાં પરતંત્ર-બનાવે છે. તેથી ભગવાન મુક્તિ આપે છે, પણ ભક્તિ આપતા નથી. પણ ભગવાન કૃપા કરે ત્યારે નાશવંત સંપત્તિ વગેરે આપતા નથી, પણ ભક્તિ આપે છે. ઈન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો. વૃત્રાસુર ના શરીરમાંથી નીકળેલું તેજ ભાગવત સ્વરૂપમાં લીન થયું. ભગવાને વૃત્રાસુરનો ઉદ્ધાર કર્યો. પરમ પુષ્ટિસીમાનું આ દૃષ્ટાંત છે. હવે પ્રશ્ન થાય છે કે, આવો ભક્ત વૃત્રાસુર રાક્ષસ યોનિમાં કેમ જન્મ્યો ? વૃત્રાસુરને શ્રીહરિમાં આટલી તીવ્ર ભક્તિ શાથી થઈ? એનો ખુલાસો કરતાં શુકદેવજી કહે છે, વૃત્રાસુર પૂર્વજન્મમાં ચિત્રકેતુ નામનો રાજા હતો. તેની રાણીનું નામ કૃતવૃતિ. તેને સંતાન ન હતું.

અહીં શબ્દાર્થ નહીં, લક્ષ્યાર્થ લેવાનો છે. ચિત્રવિચિત્ર કલ્પનાઓ કરે તે ચિત્રકેતુ. આપણું મન ચિત્ર વિચિત્ર કલ્પનાઓ કરે છે. કૃત વૃતિ એ બુદ્ધિ છે.અનેક વિષયોનો મન વિચાર કરે છે,એમાં ચિત્ર કેતુનો જન્મ થાય છે. જગતમાં બહારનાં ચિત્રો જે મન માં ઠસી ગયાં છે તે ભજનમાં વિઘ્ન કરે છે. ફરતાં ફરતાં અંગિરાઋષિ એક દિવસ રાજાના ઘરે પધાર્યા. ચિત્રકેતુ રાજાએ અંગિરાઋષિ પાસે પુત્રની માગણી કરી. અંગિરા ઋષિ સમજાવે છે,પુત્રના માબાપને ક્યાં શાંતિ છે? તારે ત્યાં છોકરો નથી એ જ સારું છે.

## રોકેટની જેમ ઉડાન, મિસાઈલની જેમ હુમલો, અમેરિકાએ બનાવ્યું ખતરનાક ડ્રોન



અમેરિકન કંપની એન્ડુરિલ એ સાવ અલગ પ્રકારનું ડ્રોન બનાવ્યું છે. આ એવું ડ્રોન છે કે જેનો ફરીથી ઉપયોગ કરી શકાય છે. જેટ એન્જિનની મદદથી ઉડતું આ પહેલું ડ્રોન છે. જે કોઈપણ હવાઈ લક્ષ્યને અટકાવી શકે છે. આ નવા ડ્રોનનું નામ રોડરનર છે. આ ફક્ત સીધું ટેકઓફ કે સીધું લેન્ડ નથી કરતું પરંતુ તે વર્ટીકલ પણ લેન્ડ કરી શકે છે અને ટેકઓફ પણ કરી શકે છે.

જે કંપનીએ આ બનાવ્યું છે તેની પાસેથી હાલમાં ફક્ત અમેરિકા ખરીદશે. અમેરિકાએ તેનું રોડરનર-એમ વેરિઅન્ટ ખરીદ્યું છે. રોડરનર અન્ય ડ્રોન કરતા સસ્તું છે. તે ઓછી ઊંચાઈએ ઉડતી કોઈ પણ વસ્તુનો પીછો કરે છે અને તેને ટારગેટ બનાવીને તેને નીચે પાડી દે છે. અને જો સામેની વસ્તુ આત્મઘાતી હુમલો ન કરે તો તે પાછું પાછું પાછું ફરે છે.

એન્ડુરિલના ચીફ સ્ટ્રેટેજી ઓફિસર ક્રિશ્ચિયન બ્રોસે કહ્યું હતું કે આ નવા યુગનું હથિયાર છે. અત્યાર સુધી આવું કોઈ હથિયાર બન્યું નથી કે જે પોતાનું કામ પૂરું કરીને પાછું આવે અને ફરીથી તેનો ઉપયોગ કરી શકાય છે. આ શસ્ત્રોની નવી શ્રેણી છે. આ એક પ્રકારની મિસાઈલ છે, જે નિશાન પર હુમલો કરતા પહેલા તેની તસવીર પણ મોકલે છે. આ ઉપરાંત આ ડ્રોન ખૂબ જ ઊંચાઈ સુધી ઉડી શકે છે. તેમજ આ ડ્રોનનો ઉપયોગ આગ ઓલવવા માટે પણ થઈ શકે છે. તેમજ તેના દ્વારા ઘૂસણખોરી કે ડ્રગ્સની દાણચોરીને રોકી શકાય છે.

આ ઉપરાતં તેને ચલાવવા માટે ઘણા લોકોની જરૂર નથી. આ ડ્રોન પાંચ ફૂટનું જ છે. અને ચાર ફૂટ પહોળું છે. વચ્ચેનો ભાગ નાની મિસાઈલ જેવો દેખાય છે. તે ૫૩૦ કિલોમીટરથી ૯૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉડી શકે છે.

# માણસ પાસે સમૃદ્ધિ જેમ વધેતેમ તેનામાં કરુણા ઘટે

## ચોરી કોણ કરે-ગરીબ વ્યક્તિ કે સમૃદ્ધ વ્યક્તિ?

૧૧,૦૦૦ કરોડનું માર્કેટ કેપિટલાઈઝેશન ધરાવતી ટેક્સટાઇલ કંપની રેમન્ડના પરિવારમાં નવો ઝઘડો બહાર આવ્યો છે. કંપનીના ૫૮ વર્ષીય વર્તમાન ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ગૌતમ સિંઘાણીયા અને તેમની ૫૩ વર્ષીય પત્ની નવાજ મોદી વચ્ચે અણબનાવ અને હવે સંપત્તિને લઈને તકરાર ઉભી થઇ છે (નવાજે સંપત્તિમાં ૭૫ પ્રતિશત ભાગ માગ્યો છે). પત્નીએ સિંઘાણીયા પર મારપીટનો અને ઘરમાંથી કાઢી મૂક્યાનો આરોપ મૂક્યો છે.

સંપત્તિ અને કંપનીની માલિકીના મામલે અગાઉ ગૌતમ સિંઘાણીયાની જોરજબરદસ્તીનો ભોગ બની ચુકેલા પિતા અને રેમન્ડ જૂથના સ્થાપક વિજયપત સિંઘાણીયા પણ પુત્રવધૂના સમર્થનમાં બહાર આવ્યા છે. તેમણે એક ઈન્ટરવ્યૂમાં, તેમની વિરાસત પુત્રને આપવાના નિર્ણય બદલ પસ્તાવો વ્યક્ત કર્યો છે અને કહ્યું છે કે કંપનીનું સુકાન ગૌતમને સોંપ્યું એ તેમની સૌથી મોટી ભૂલ હતી. સિનિયર સિંઘાણીયાનો આરોપ છે કે તે પછી દીકરાએ તેમને કંપની અને ઘર બંનેમાંથી કાઢી મૂક્યા છે અને હવે પત્ની સાથે પણ એવું જ કર્યું છે.

અમીર પરિવારોના ઝઘડા પણ 'અમીર' હોય છે અને એમાં કોણ સાચું અને કોણ ખોટું તેના તારણ પર આવવું અઘરું હોય છે, પણ એક આમ ધારણા બહુ પ્રચલિત છે કે સામાન્ય લોકો પારિવારિક વિવાદો જેટલી સરળતાથી ઉકેલી શકે છે, અમીર લોકોની મડાગાંઠો વધુ જટિલ હોય છે. એનું કારણ પૈસો હશે? આપણે ત્યાં લોકો કહેતાં હોય છે કે માણસ અમીરીમાં છકી જાય છે. આ સાચું છે? તર્કથી સમજીએ.

તમને એવું પૂછવામાં આવે કે સૌથી વધુ જૂઠું કોણ બોલે, છેતરપિંડી કોણ કરે, ચોરી કોણ કરે-ગરીબ વ્યક્તિ કે સમૃદ્ધ વ્યક્તિ? તો તમારો સહજ જવાબ એવો હશે કે સમૃદ્ધ વ્યક્તિ ન્યાયી વર્તન કરે તેવી સંભવાના વધુ છે, કારણ કે જેની પાસે બધું જ હોય તે બીજાનો વિચાર કરે, પોતાનો નહીં. ઊંધું છેઃ વ્યક્તિ જેમ જેમ સમૃદ્ધિની સીડી ચઢતો જાય, તેમ તેમ તેની અંદર બીજા માટેની કરુણા ઘટતી જાય.

અમેરિકાની નેશનલ એકેડમી ઓફ સાયન્સીઝના સમીક્ષા જર્નલમાં પ્રગટ એક અભ્યાસમાં એવું તારણ આપવામાં આવ્યું હતું કે જેની પાસે સમૃદ્ધિ, પ્રતિષ્ઠા અને શિક્ષણ જેવા સામાજિક પ્રભાવ હોય, તેઓ બીજા લોકોની ભાવનાઓની દરકાર ઓછી કરે છે. મનોવૈજ્ઞાનિકો આવી બાબતોનો અભ્યાસ કરવા માટે રોજીંદા જીવનની ઘટનાઓનું નિરીક્ષણ કરતા હોય છે.

તમને ટ્રાફિકમાં બે નોંધપાત્ર બાબતો જોવા મળશે. લકઝરી કારના માલિકને આગળ નીકળી જવાની સૌથી વધુ ઉતાવળ હશે અને એમાં તે સાધારણ વાહનચાલકોની સંપૂર્ણ અવગણના કરશે.

### પૈસો માણસને બદલી નાખતો નથી, પૈસો માણસના અસલી ચારિત્ર્યને બહાર લાવે છે

એવી જ રીતે, સિગ્નલ કે ટોલ પ્લાઝા પર ભિક્ષુક લોકો સાથેના વ્યવહારને નોંધશો. ભિક્ષુક જો કોઈ સાધારણ વાહન માલિક પાસે જઈને હાથ લાંબો કરશે, તો એવી શક્યતા સૌથી વધુ છે કે તેને પાંચ-દસ રૂપિયા મળી જાય. એ જ ભિક્ષુક કોઈ લકઝરી કાર પાસે જઈને ટકોરા મારે, તો એવી શક્યતા સૌથી વધુ છે કે વાહન માલિક, પૈસા આપવાની તો દુરની વાત છે, તેને હડધૂત કરીને ભગાડી મૂકે. આવું તમને અન્ય પ્રસંગોએ પણ જોવા મળશે. એકટર શાહરુખ ખાને એકવાર કહ્યું હતું કે, જે માણસ વેઈટર સાથે સભ્યતાથી ન વર્તે તે માણસ સભ્ય નથી. હોટેલ કે રેસ્ટોરન્ટમાં એક વેઈટર સાથે અમીર માણસનો વ્યવહાર એક સાધારણ માણસની સરખામણીએ રુક્ષ હોય છે. એવું જ ચોકીદાર સાથે થાય છે. વ્યક્તિ તેની સામાજિક હેસિયતથી સમાન હોય, ઉપર હોય કે નીચે હોય તેની સાથે કેવી રીતે વ્યવહાર કરે છે તે નોંધજો. તમને ખ્યાલ આવશે કે જે લોકો પ્રતિષ્ઠા કે પૈસામાં ઉપર હશે.

## શું ખાંડ ખાવાથી ખરેખર ડાયાબિટીસ થાય છે?

હાલના સમયમાં દરેકના ઘરમાં ખાંડનો ઉપયોગ થાય છે. શરૂઆત કરીએ તો સવારની ચાની ચૂસકીથી જ ભારતીયો ખાંડ ખાતા હોય છે. જ્યારે ચીનની વાત કરીએ તો મોટાભાગના લોકો માને છે કે તે સ્વાસ્થ્ય માટે બિલકુલ ફાયદાકારક નથી. ખાંડ ખાવથી ડાયાબિટીસ થાય છે. તો શું એ બાબત ખરેખર સાચી છે તો ચાલો જાણીએ ખરેખર શું બાબત છે. સામાન્ય રીતે વાત કરીએ તો દરેકના ઘરમાં ખાંડ વપરાતી જ હોય છે પરંતુ અત્યારની જનરેશન ખાંડ ખાવાથી પરેજ પાળી રહી છે. કારણકે અત્યારે ડોકટરો પણ ખાંડને સ્વાસ્થય માટે હાનિકારક જણાવી રહ્યા છે. અને તેના કારણે જ લોકો ધીમે ધીમે ખાંડ ખાવાનું ઓછું કરી રહ્યા છે. તેમજ ઘણીવાર આપણા ઘરડાઓ પણ કહેતા હોય છે કે શક્ય તેટલી ખાંડ ઓછી ખાવી નહી તો શરદી કે ખાંસી થઇ જશે. પરંતુ કેટલીક એવી બાબતો છે જે માનવા યોગ્ય નથી કારણ કે તે ફક્ત વાતો છે. ખાંડને



આજે સ્વાસ્થ્યની સૌથી મોટી દુશ્મન માનવામાં આવે છે. ડાયેટિશિયનથી લઈને ડોક્ટર્સ સુધી દરેક તમને શક્ય તેટલી ઓછી ખાંડ ખાવાની સલાહ આપે છે. સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત મિત્રો મીઠાઈઓથી દૂર રહેવાની સલાહ આપે છે. ખાંડ ખાવાથી ડાયાબિટીસ થાય એ બાબત તો ઘણી જાણીતી બની ગઈ છે. અને તેના કારણે લોકો માને છે કે ખાંડ બિનઆરોગ્યપ્રદ છે. તેના વધુ પડતા સેવનથી વજન વધે છે. દાંત બગડે છે. ડાયાબિટીસમાં સુગર લેવલ વધારે હોઈ શકે છે.

## કચ્છી લગનગીતોમાં છે લોકજીવન સાથે પ્રકૃતિની છાંટ

લોકગીતેંમેં માનવી સંવેધનાજો વાસ્તવિક ચિત્રણ વેતો. પારંપરિક જીયણમેં લગ્ન અર્થાત્ વીયાં, (કચ્છમેં લગન કે વીયાં ચોવાજેતો) જે અવસરતે હર્ષ-ઉલ્લાસ, સુખ-દુખજ્યું લાગણીયું વ્યતીત થીએંત્યું. લગ્નગીતેંમેં નારીજી લાગણીયું, મનજા ઊમળકા નેં કધયા અનાં કુંવારી આય તડેં સામે પક્ષવારા માંગો ખણીને અચેંતા. તડેં ઈનીજે મનમેં ગ઼ણેમડ઼ે કલ્પનાઉં અચેત્યું. પાણી ભરીંધે, લુગડા ધુંધે ક બ્યા કમ કરીંધે કધયાજી લાગણીયું વ્યક્ત થીંધી હોયતી. બોય પાસેં વીયાંજી તૈયારીયું ચાલુ થિઇ વિઝેંતી તેર સરૂઆત ગુણેસ સ્થાપનાસેં કરેમેં અચેતી. બાજોટ તે ગુણેસડાડાજી મૂર્તિ રખીનેં ગીત ગાતેમેં અચેતો ક,

ગુણેસ પાટ વેરાઈયેં સખી સમરીયેં શ્રીરામ,  
રત્તો કુરો વખાણીયોં રતી રે ચારે મજીઠ રે,  
રત્તા રે વરજીજા મોડ઼ીયા રત્તા કધયાજા ડંધ,  
પીળો કુરો વખાણીયો રે, પીરો હાઈધરજો છોડ઼ રે,  
પીરા વરજીજા પોપચા, પીરી ચિણેજી ડાર  
ધોરો કુરો રે વખાણીયો રે ધોરો કુરો,  
ધોરો કધયાજો પાનેતર, ધોરો રે વરજીજો મોતીજો હાર.

હિન ગીતમેં નિડારા-નિડારા લાલ, પીરો, ધોરો હી રંગ કિતરા મહત્ત્વજા ઐં તેંજી ગ઼ાલ રજુ કરેમેં અચેતી. લાલ રંગજો મોર, કધયાજા ડંધ, પીરો હાઈધરજો છોડ઼, વરજા પોપચા, ચિણેજી ડાર, ધોરો લાડીજો પાનેતર નેં વરજો મોતીજે હારજો ઉલ્લેખ આય.

લાડેજો ધોડ઼ેતે ચડ઼ેજો વારો આયો આય તેર મડ઼ે પરિવારજા સગ઼ા ચંપેજે ફૂલ નેં ડોલરજે ફૂલસે લાડે કે સરંખાયોં અયોં. નેં હુંભસે વખાણ કરીંધે ગીતજે રૂપમેં લાડેકે પેંણેલા ઉત્સાહ વધારીયેંતા. ગીતજા સબધ ઐં ક,

ચડ઼ લાડા ઘોડ઼ે ને છેલ છોગા છોરે  
મારલજો વર ચડ઼ંધો રે ઘોડ઼ે  
ઘોડ઼લજો વર ચડ઼ંધો રે ધોડ઼ે  
બાપા જાણે રે મુંજો હીરે લાડલો પેંણે  
માડ઼ી જાણે રે મુંજો ચંપો ડોલરિયો  
કાકા જાણે રે મુંજો હીરે ભત્રીજો પેંણે  
કાકી જાણે રે મુંજો ચંપો ડોલરિયો  
મામો જાણે રે મુંજો હીરો ભાણેજો પેંણે  
મામી જાણે રે મુંજો ચંપો ડોલરિયો

જૂડેં લાડો જન ખણીને લાડીજે ઘરે પૂગી વિનેતો તેર વરપક્ષજી બાઈયું વીંયાણકે સંબોધીને નીચે રજુ કેલ ગીત ગાઈયેંત્યું,

વીંયાણ શેરી શણગાર વીંયાણ શેરી શણગાર,  
અસીં આયાસીં ઓડ઼ણા રે  
ખેંધાસિં ખાજા નેં ખન વરરાજા કે લાડૂવારે,  
વીંયાણ માયરો શણગાર વીંયાણ માયરો શણગાર,  
અસીં આયાસીં ઓડ઼ણા રે

સિયારેમેં વીયાંજો માંઢવો બંધલ આય ઈતરે કોયલ ત વે નં. ૫ તય માંઢવેજે હિન ગીતમેં ઠાકરકે નોતરેનેં કોયલડ઼ીજી હાજરી વતાઈયેતા.

વડો – વડો માંઢવો નવલખો,  
આયો-આયો સિયારેજો માસ, કોયલડી રે કડાં વસે.  
માંઢવે મેં સાજનીયા નોતર્યા,  
સડાંઈ – સોઆગણ લક્ષ્મીજા કંથ, કોયલડ઼ી રે કડાં વસે.  
વડો-વડો માંઢવો નવલખો,  
આપો – આપો ઉનારે જો માસ, કોયલડ઼ી કિડાં બોલે.  
માંઢવે મેં મથુરાદાસ ઠાકર નોતર્યા,  
સડાઈ સોઆગણ જમનાબાઈજા કંથ, કોયલડ઼ી રે હિડાં વસે.

BOLLYWOOD NEWS FLASH



## અક્ષય કુમાર હાલમાં એક હિટ માટે તરસી રહ્યો છે

। મુંબઈ, તા.૧૩ ।

બોલિવૂડના ઘણા સુપરસ્ટાર્સને એક્ટિંગની સાથે ક્રિકેટમાં પણ ઘણો રસ છે. ઘણા સેલેબ્સ ક્રિકેટ ટીમના માલિક પણ છે. જેમાં શાહરૂખ ખાનથી લઈને જુહી ચાવલા અને પ્રીતિ ઝિન્ટા સુધીના નામ સામેલ છે. હવે આ યાદીમાં બોલિવૂડના ખિલાડી કુમાર એટલે કે અક્ષય કુમારનું નામ પણ જોડાઈ ગયું છે. હા, અક્ષય કુમાર પણ એક ક્રિકેટ ટીમનો માલિક બની ગયો છે. અક્ષય કુમાર પણ સુપરસ્ટાર્સની લીગમાં જોડાઈ ગયો છે જેઓ ક્રિકેટ ટીમના માલિક છે. અભિનેતાએ તાજેતરમાં નવી ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગમાં શ્રીનગરની ટીમ ખરીદી છે, જે તેની પ્રથમ ટેનર બોલ T10 ક્રિકેટ ટુર્નામેન્ટ છે. જે સ્ટેડિયમની અંદર ૨ માર્ચથી ૯ માર્ચ ૨૦૨૪ સુધી રમાશે. તમને જણાવી દઈએ કે ખિલાડી કુમારને સ્પોર્ટ્સ અને માર્શલ આર્ટનો ઊંડો શોખ છે. અહેવાલ મુજબ, પોતાના નવા સાહસ વિશે વાત કરતી વખતે, અક્ષય કુમારે કહ્યું, "હું ISPL અને શ્રીનગરની ટીમનો ભાગ બનીને રોમાંચિત છું. આ ટુર્નામેન્ટ ક્રિકેટની દુનિયામાં ગેમ-ચેન્જર બનવાનું વચન આપે છે અને હું આ અનોખા રમતગમતના પ્રયાસમાં મોખરે રહેવા માટે ઉત્સુક છું." અક્ષય કુમારે પોતે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને ક્રિકેટ ટીમના માલિક બનવાના નિર્ણયની જાહેરાત કરી છે. અક્ષય કુમારના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, અભિનેતા હાલમાં એક હિટ માટે તરસી રહ્યો છે. તેની છેલ્લી રિલીઝ થયેલી ફિલ્મ મિશન રાનીગંજ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી ન હતી.



## હૃતિક રોશને બાળ કલાકાર તરીકે સફર શરૂ કરી હતી

। મુંબઈ, તા.૧૩ ।

ભારતીય ફિલ્મ ઉદ્યોગના ટોચના સ્ટાર્સ ફિલ્મોમાં તેમની ભૂમિકાઓ માટે ૧૦૦ કરોડ રૂપિયા સુધીની મોટી રકમ વસૂલે છે. જો કે, ઘણા સ્ટાર્સ માત્ર ૫૦ રૂપિયા અથવા ૧૦૦ રૂપિયાના પગારથી શરૂઆત કરતા હતા, પરંતુ હવે તેઓ ખૂબ જ મોંઘા અભિનેતા પણ બની ગયા છે. સમયની સાથે બોલિવૂડ કલાકારોએ તેમની ફીમાં વધારો કર્યો છે. અહીં અમે એક એવા અભિનેતા વિશે વાત કરી રહ્યા છીએ જેને પહેલીવાર ૧૦૦ રૂપિયા પગાર મળ્યો હતો, આજે તે ઈન્ડસ્ટ્રીના સૌથી ધનિક અભિનેતાઓમાંનો એક છે. અમે જે અભિનેતા વિશે વાત કરી રહ્યા છીએ તેણે બ્લોકબસ્ટર ડેબ્યૂ કર્યું અને તેના અભિનયથી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા. તેણે ઈન્ડસ્ટ્રીને કેટલીક બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે અને તેની ફેન ફોલોઈંગ ખૂબ જ મોટી છે. તે માત્ર તેના અભિનય માટે જ નહીં પરંતુ તેની ડાન્સીંગ સ્કીલ માટે પણ જાણીતો છે. તે બીજું કોઈ નહીં પણ હૃતિક રોશન છે જેણે બાળ કલાકાર તરીકે પોતાની સફર શરૂ કરી હતી. તેણીને આશામાં જીતેન્દ્ર સાથે ડાન્સ નંબરમાં પ્રથમ વખત અભિનય કરવાની તક મળી. તે સમયે તેઓ માત્ર ૬ વર્ષના હતા અને તેમના કાર્યકાળ દરમિયાન તેમને પ્રથમ પગાર તરીકે ૧૦૦ રૂપિયા મળ્યા હતા. આ પછી તેણે આપ કે દીવાને, આસ પાસ, આસરા પ્યાર દા અને ભગવાન દાદા જેવી ફિલ્મોમાં નાની ભૂમિકાઓ ભજવી. વેલ, બાળ કલાકાર તરીકેની તેની અભિનય કારકિર્દી પછી તેના પિતા દ્વારા નિર્દેશિત ફિલ્મ સાથે બોલિવૂડમાં પ્રવેશ કર્યો અને આ ફિલ્મ બ્લોકબસ્ટર સાબિત થઈ. તેણે ૨૦૦૦માં ફિલ્મ 'કહો ના... પ્યાર હૈ'થી ડેબ્યૂ કર્યું હતું અને આ ફિલ્મે વિશ્વભરમાં રૂ. ૭૮.૯૩ કરોડનું કલેક્શન કર્યું હતું.

## હું નથી ઈચ્છતી કે લોકો મને માત્ર અરબાઝની ગર્લફ્રેન્ડ તરીકે ઓળખે

। મુંબઈ, તા.૧૩ ।

બોલિવૂડ એક્ટર અને પ્રોડ્યુસર અરબાઝ ખાને ઈટાલિયન મોડલ અને એક્ટ્રેસ જ્યોર્જિયા એન્ડ્રિયાની સાથે બ્રેકઅપ કરી લીધું છે. બ્રેકઅપ બાદ જ્યોર્જિયાએ એક ઈન્ટરવ્યૂમાં અલગ થવાનું કારણ જણાવ્યું હતું. તેઓ માને છે કે તેમની પોતાની ઓળખ છે અને તે નથી ઈચ્છતી કે લોકો તેમને માત્ર અરબાઝની ગર્લફ્રેન્ડ તરીકે ઓળખે. હાલમાં જ ઈ-ટાઈમ્સને આપેલા ઈન્ટરવ્યૂમાં જ્યોર્જિયા એન્ડ્રિયાનીએ અરબાઝ સાથેના બ્રેકઅપ પર કહ્યું હતું કે, અમે બંને જાણતા હતા કે અમારે સાથે રહેવાનું નથી. ૪ વર્ષ સુધી રિલેશનશિપ માં રહ્યા હતા આ પછી તે સ્પષ્ટ છે કે હું તેમને મિસ કરું છું. અમે હજી પણ મિત્રો છીએ, પરંતુ હું તેમની સાથે ફરી ક્યારેય સંબંધ રાખવા ઈચ્છતી નથી. હું આ વાત એટલા માટે કરી રહી છું કારણ કે મારી પોતાની ઓળખ છે, હું નથી ઈચ્છતી કે લોકો મને અરબાઝની ગર્લફ્રેન્ડ તરીકે ઓળખે. હું હવે ઘણી સારી જગ્યાએ છું. જ્યોર્જિયાએ વધુમાં કહ્યું કે, અત્યારે અમે ઘણા સારા મિત્રો છીએ. અમે મિત્રો કરતાં વધુ હોવા છતાં અમે હંમેશા મજબૂત મિત્રતા શેર કરી છે. અમારી વચ્ચે ખૂબ જ ગાઢ સંબંધ હતો. અમારી સાથે ઘણી યાદગાર ક્ષણો છે. ખૂબ જ નજીક આવ્યા પછી મિત્રો બનવું ખૂબ જ પડકારજનક છે.



## એનિમલ ફિલ્મ વધુ એક વિવાદમાં

## શીખ સંગઠને અર્જન વેલી ગીતના ઉપયોગ પર વ્યક્ત કરી આપત્તિ



। મુંબઈ, તા.૧૩ ।

રણબીર કપૂર અને બોબી દેઓલની ફિલ્મ એનિમલ રિલીઝ થયા પછી જબરદસ્ત કમાણી કરી રહી છે. આ ફિલ્મમાં રણબીર કપૂર અને બોબી દેઓલના અભિનયના પણ વખાણ થઈ રહ્યા છે. ફિલ્મની કમાણીની વાત કરીએ તો બોક્સ ઓફિસ પર અત્યાર સુધીમાં ૭૦૦ કરોડથી વધુની કમાણી કરી લીધી છે. જોકે રેકોર્ડ બ્રેક કમાણીની વચ્ચે ફિલ્મ કેટલીક બાબતોને લઈને વિવાદમાં પણ આવી છે. તાજેતરમાં જ ફિલ્મ પર શીખ ધર્મનું અપમાન કરવા મામલે આરોપ લાગ્યો છે. આ મામલે શીખ સંગઠન દ્વારા વિરોધ પ્રદર્શન પણ કરવામાં આવ્યું છે અને ફિલ્મના કેટલાક સીન અને એક ગીતના ઉપયોગ પર આપત્તિ વ્યક્ત કરીને તેના વિરુદ્ધ પગલાં લેવાની માંગ કરી છે. રણબીર કપૂર અને બોબી દેઓલની ફિલ્મ એનિમલ ટોક્સિક અને મહિલા વિરોધી હોવાની વચ્ચે હવે શીખ સમુદાય દ્વારા ફિલ્મને લઈને નારાજગી વ્યક્ત કરવામાં આવી છે. ઓલ ઈન્ડિયા શીખ સ્ટુડન્ટ ફેડરેશને ફિલ્મના કેટલાક સીન પર નારાજગી વ્યક્ત કરી છે. સંગઠન દ્વારા સેન્સર બોર્ડની પત્ર પર લખવામાં આવ્યો છે જેમાં ફિલ્મના પ્રખ્યાત ગીત અર્જન વેલી અંગે નારાજગી વ્યક્ત કરવામાં આવી છે. આરોપ લગાડવામાં આવ્યો છે કે શ્રી ગુરુ ગોવિંદસિંહજી દ્વારા ગાવામાં આવેલા આ માન્યતાથી ભરેલા ગીતને ગુંડાગર્દી અને ગેંગવોર માટે ઉપયોગમાં લેવામાં આવ્યું છે. આ ઉપરાંત લેખિત ફરિયાદમાં એનિમલ ફિલ્મમાં શીખોને લઈને જે વિવાદિત સીન દેખાડવામાં આવ્યા છે તેને હટાવવાની માંગ પણ કરવામાં આવી છે. ફિલ્મના એક સીનમાં હીરો ગુરુ શીખના મોઢા ઉપર સિગરેટનો ધુમાડો છોડે છે. અન્ય એક સીનમાં તે ગુરુ શીખ યુવકની દાઢી પર ચાકુ ચલાવતો જોવા મળે છે. આ સીનને લઈને સંગઠન દ્વારા આપત્તિ વ્યક્ત કરવામાં આવી છે. જણાવી દઈએ કે એનિમલ ફિલ્મમાં હદથી વધુ હિંસા દેખાડવામાં આવી છે જેને લઈને ઘણા લોકો આપત્તિ વ્યક્ત કરી રહ્યા છે.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત પી.એમ સ્વ-નિધિ યોજના અંતર્ગત શેરી ફેરીયાઓનો સ્નેહમિલન કાર્યક્રમ રિવરફ્રન્ટ ખાતે યોજાયો

## ગુજરાતમાં સાડા ચાર લાખ કરતા વધુ લાભાર્થીઓએ પી.એમ. સ્વનીધિ યોજનાનો લાભ લીધેલ છે : મંત્રી જગદીશ ભાઈ વિશ્વકર્મા



। અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત પી.એમ સ્વ-નિધિ યોજના અંતર્ગત શેરી ફેરીયાઓનો સ્નેહમિલન કાર્યક્રમ રિવરફ્રન્ટ ખાતે યોજાયો હતો. જેમાં ગુજરાતના સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના વરદ હસ્તે પી.એમ.સ્વ-નિધિ યોજના અંતર્ગત ઉત્તમ કામગીરી કરનાર શેરી ફેરીયાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વનિધિ યોજનાની શરૂઆત કોરોનાકાળમાં શેરી ફેરીયાઓના પડી ભાંગેલ ધંધાઓને ફરી ઉભા કરવાના ઉદ્દેશને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. જેમાં લાભાર્થીને પ્રથમ વખત ૧૦,૦૦૦ ત્યારબાદ ૨૦,૦૦૦ અને પછી ૫૦,૦૦૦ની બેંક દ્વારા ઓછા વ્યાજે લોન આપવામાં આવે છે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અત્યાર સુધી ગુજરાતમાં સાડા ચાર લાખ કરતા વધુ લાભાર્થીઓએ પી.એમ. સ્વ નીધિ યોજનાનો લાભ લીધેલ છે. અને આ યોજનાનો લાભ લેનાર લાભાર્થીઓને રાજ્ય સરકારની અન્ય આઠ યોજનાઓનો લાભ પણ આપવામાં આવે છે સાથેજ આવી યોજનાઓનો લાભ વધુ ને વધુ લોકોને પ્રાપ્ત થતો રહે તે ઉદ્દેશને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રાની શરૂઆત કરવામાં આવી છે જેમાં સરકાર પોતે નાગરિકોના આંગણે યોજનાના લાભ લઈને પહોંચી છે, જે આપણા સૌ માટે ખૂબ જ ગૌરવની બાબત છે. તેમ તેમણે જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં અંતે તેમણે લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કરીને તેમના પ્રતિભાવો જાણ્યા હતાં અને તેમની સાથે ભોજન પણ લીધું હતું.

આ કાર્યક્રમમાં અમદાવાદના મેયર શ્રી પ્રતિભાબેન જૈન, ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, મ્યુનિસિપલ શાસક પક્ષ નેતા શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી, મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસન તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# તા.૧૯ ડિસેમ્બરના રોજ સોજિત્રા ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે

। આણંદ, તા.૧૩ ।

રાજ્ય સરકાર દ્વારા લાયક ઉમેદવારોને તેમના અભ્યાસ મુજબ રોજગારી મળી રહે તે માટે જિલ્લા કક્ષાએ આવેલ રોજગાર કચેરી દ્વારા તેમના નામની નોંધણી કરવામાં આવે છે અને ખાનગી કંપની દાતાઓનો સંપર્ક કરી તેમની કંપની ખાતે ખાલી જગ્યાઓ મુજબ તેમની કંપનીને અનુરૂપ યોગ્ય ઉમેદવારો મળી રહે તે માટે સંપર્ક કરીને તાલુકા કક્ષા અને ગ્રામ્ય કક્ષાએ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે.

જિલ્લા રોજગાર કચેરી, આણંદ અને સરકારી આઈ.ટી.આઈ સોજીત્રાના સંયુક્ત ઉપક્રમે આગામી તારીખ ૧૯ ડિસેમ્બર, મંગળવારના રોજ સવારે ૧૦-૩૦ કલાકે સરકારી આઈ.ટી.આઈ સોજીત્રા ખાતે સરકારી ગોડાઉન પાસે, દૂધીપુરા ખાતે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રોજગાર ભરતી મેળામાં એસ.એસ.સી., એચ.એસ.સી., આઈ.ટી.આઈ., સ્નાતક અને અનુસ્નાતકની લાયકાત ધરાવતા ઉમેદવારો અને ઉંમર ૧૮ થી ૩૫ વર્ષ વચ્ચેની હોય તેમના માટે આ રોજગાર ભરતી મેળો યોજવામાં આવનાર છે.

જે ઉમેદવારો આ રોજગાર ભરતી મેળાનો લાભ લેવા માંગતા હોય તેમણે તેમના બાયોડેટાની પાંચ નકલ સાથે ઈન્ટરવ્યૂમાં રૂબરૂ હાજર રહેવા રોજગાર અધિકારી આણંદ શ્રી સી. બી. ચૌધરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ભરૂચના ઝઘડિયા તાલુકાના ઉચ્છબ ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો કાર્યક્રમ યોજાયો



। ભરૂચ, તા.૧૩ ।

ભરૂચના ઝઘડિયા તાલુકાના ઉચ્છબ ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે લોકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ લેવા માટે અનુરોધ કરાયો હતો. ઉપરાંત આ કાર્યક્રમમાં મહાનુભાવોના વરદહસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉપરાંત 'મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત લાભાર્થીઓએ પોતાને મળેલ યોજનાઓના લાભ વિશેની વાત કરી હતી. વિકાસ કાર્યોની ઝાંખી દર્શાવતી ફિલ્મને લોકોએ રસપૂર્વક નિહાળી હતી તેમજ વિકસિત ભારત માટે પ્રતિજ્ઞા લીધી હતી.નોંધનીય છે કે, આરોગ્ય વિભાગ દ્વારા આયોજિત વિનામૂલ્યે આરોગ્ય ચેકઅપ કેમ્પનો લોકોએ કાર્યક્રમ સ્થળે જ લાભ લીધો હતો.

આ પ્રસંગે આરોગ્ય શાખા, આઈસીડીએસ, ખેતીવાડી શાખા, પશુપાલન શાખા, વાસ્મો શાખા, ઉજવલ્લા યોજના, સ્વચ્છ ભારત મિશન, મનરેગામનરેગા, એન.આર એલ.એમ, પીએમએવાય જેવા વિભાગોના સ્ટોલનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સરપંચ શ્રીમતી નર્મદાબેન વસાવા, ઉપસરપંચ શ્રીમતી પાર્વતીબેન વસાવા, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી જયેન્દ્રભાઈ વસાવા, ઉપપ્રમુખ સોનલબેન રાજ તથા વિવિધ કચેરીઓના અમલીકરણ અધિકારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ધારાસભ્ય કૌશિકભાઈ જૈનની ઉપસ્થિતિમાં ખાડિયા વોર્ડમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમો યોજાયા

## ૩૮૫૮ લોકો સહભાગી થયા, ૧૬૧૬ લોકોએ આરોગ્ય કેમ્પ અંતર્ગત આરોગ્ય તપાસનો લાભ લીધો

। અમદાવાદ, તા.૧૩ ।

ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ જૈનની ઉપસ્થિતિમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ખાડિયા વોર્ડમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમો યોજાયા હતા. ખાડિયામાં દાણાપીઠ ઓફીસ ખાતે સવારે અને સ્પોર્ટ્સ સંકુલ, ખાડીયા ખાતે બપોર બાદ કાર્યક્રમો યોજાયા હતા. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિકસિત ભારત રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

બંને કાર્યક્રમોમાં અંદાજિત ૩૮૫૮ જેટલા લોકો સહભાગી થયા હતા તથા ૧૬૧૬ લોકોએ કાર્યક્રમોમાં યોજાયેલા આરોગ્ય કેમ્પ અંતર્ગત આરોગ્ય તપાસનો લાભ લીધો હતો. જેમાં લાભાર્થીઓની ટી.બી., હાયપટેન્શન, ડાયાબિટીસ જેવા રોગો માટે તપાસ કરવામાં આવી હતી. બે કાર્યક્રમો અંતર્ગત ૧૦૫૦ લાભાર્થીઓને



પીએમ જન આરોગ્ય યોજના, ૪૭૭ લાભાર્થીઓને પીએમ સ્વનિધી યોજના, ૨૨૬ લાભાર્થીઓ પીએમ ઉજ્જવલા યોજના, ૭૫૪ લાભાર્થીઓને આધાર કાર્ડના લાભો એનાયત કરાયા હતા. ખેલો ઈન્ડિયા અંતર્ગત ૨૩૭ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યાં હતાં. 'મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત લાભાર્થીઓએ પોતાના યોજનાકીય લાભો અંગેના અનુભવો વર્ણવ્યાં હતા. સૌ ઉપસ્થિતોને વિકસિત ભારત સંકલ્પ શપથ લેવડાવવામાં આવ્યાં હતા.




પોસ્ટ વિભાગના G.D.S. કર્મચારીઓની હડતાળ. મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના દિવડા કોલોની વિસ્તારમાં આવેલ પોસ્ટ ઓફીસ ના કર્મચારીઓ ના વિવીધ પ્રશ્નો જેવાકે ૮ કલાકની નોકરી, ૫ લાખની ગ્રેજૂઈટી, મેડિકલ ફસિલિટી વગેરે સરકાર સમક્ષ માગણીઓ સંદર્ભે સરકાર સત્વરે સ્વીકારે તેવી રજૂઆત કરવામાં આવી રહી છે.

# કોસીન્દ્રા અને ત્રણોલ ગામ ખાતે બાગાયતી યોજનાઓના લાભ વિષયક તાલીમ યોજાઈ

। મનીષ પ્રજાપતિ આણંદ, તા.૧૩ ।

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ તરફ વળે ઉપરાંત બાગાયતી યોજનાઓના લાભો મેળવે તે માટે ખેડૂતો માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

આ યોજનાઓની જાણકારી ખેડૂતોને મળી રહે તે માટે પ્રાકૃતિક કૃષિ મોડલ ફાર્મની મુલાકાત પણ ખેડૂતોને કરાવવામાં આવે છે.

આણંદ જિલ્લામાં ખેડૂતોને બાગાયતી યોજનાઓના લાભો વિશેની માહિતી તેમજ ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમ આપવા માટે એક દિવસીય તાલીમનું આયોજન નાયબ બાગાયત નિયામકની કચેરી, આણંદ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં આંકલાવ તાલુકાના કોસીન્દ્રા ગામ ખાતે અને આણંદ તાલુકાના ત્રણોલ ગામ ખાતે તાલીમ યોજવામાં આવી હતી.

આ ઉપરાંત ૨૦૦ ઉપરાંત ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મ ની મુલાકાત કરાવી ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તાલીમ શિબિરમાં આત્માની કચેરી દ્વારા પણ પ્રાકૃતિક કૃષિ વિષયક ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપી ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે માટે આત્મા કચેરી દ્વારા આપવામાં આવતી તાલીમ અને પ્રવાસ કરાવીને મોડલ ફાર્મ ની મુલાકાત દ્વારા આપવામાં આવતી સમજ મેળવી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ તરફ વળવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ તાલીમ શિબિરમાં બાગાયત અને આત્મા વિભાગના જય ચાવડા, કિશનભાઈ ડાભી, કર્મીઓ ઉપરાંત ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ તાલીમ શિબિરનો મુખ્ય હેતુ ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ તરફ વળે અને બાગાયત વિભાગની વિવિધ યોજનાઓના લાભ મેળવી ખેડૂતોની આવક માં વધારો થાય અને આના દ્વારા ખેડૂતો સમૃદ્ધ બને તે હેતુથી આ પ્રકારની તાલીમ શિબિર આણંદ જિલ્લાના ગામે ગામ યોજવામાં આવી રહી હોવાનું આ પ્રકારની તાલીમ શિબિરનો મહત્તમ લાભ મેળવવા નાયબ બાગાયત નિયામકશ્રી દ્વારા જણાવાયું છે.

# ૧૬ ડિસેમ્બરના રોજ સરદાર પટેલ યુનિવર્સિટીનો ૬૬મો પદવીદાન સમારંભ યોજાશે

। આણંદ, તા.૧૩ ।

રાજયપાલશ્રી અને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને આગામી તા. ૧૬/૧૨/૨૦૨૩ ને શનિવારના રોજ બપોરના ૦૩-૦૦ કલાકે સરદાર પટેલ યુનિવર્સિટીનો ૬૬મો વાર્ષિક પદવીદાન સમારંભ યોજાનાર છે. આ પદવીદાન સમારંભના મુખ્ય મહેમાન તરીકે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ ઉપસ્થિત રહી દિક્ષાંત પ્રવચન આપશે. અતિથિ વિષેશ તરીકે શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા ઉપસ્થિત રહેશે.

આ પદવીદાન સમારંભમાં યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના કુલ ૧૫,૭૫૪ વિદ્યાર્થીઓને પદવી/ડીગ્રી એનાયત કરવામાં આવશે. યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાના તેજસ્વી વિદ્યાર્થીઓને ૧૦૬ સુવર્ણચંદ્રકો/ગોલ્ડ પ્લેટેડ મેડલ એનાયત કરવામાં આવશે તેમ સરદાર પટેલ યુનિવર્સિટીના કુલસચિવશ્રીની યાદીમાં જણાવાયું છે.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રા ઇન્દરમા ગામના વંચિત લાભાર્થીઓ સુધી પહોંચી

## "સરકારની વિવિધ યોજનાઓ અંગેની નાગરિકોની જાગૃતિ જ વિકસિત ભારતની લક્ષ્યપ્રાપ્તિને સુનિશ્ચિત કરશે"

। નર્મદા, તા.૧૩ ।

નર્મદા જિલ્લાના આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરતી વિકસિત ભારત સંકલ્પ યાત્રા તિલકવાડા તાલુકાના ઇન્દરમા ગામે પહોંચી હતી. ગ્રામજનોએ સંકલ્પ યાત્રાનો ઉષ્માભેર આવકાર કરીને આધુનિક રથના માધ્યમથી યોજનાકીય માહિતી અંગેની શોર્ટફિલ્મ નિહાળી હતી. ઉપરાંત, ગ્રામજનોએ વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાના સામુહિક શપથ લીધા હતા.

આ તકે ઉપસ્થિત મહાનુભાવોએ કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓની જાણકારી ગ્રામજનોને આપતા જણાવ્યું કે, સરકારે છેવાડાના માનવીના જીવનધોરણમાં ગુણાત્મક સુધારો લાવવા માટે સઘન પ્રયાસો હાથ ધર્યા છે. ગ્રામજનોએ પણ વંચિત લાભાર્થીઓ સુધી યોજનાઓની માહિતી પહોંચાડવાના સહિયારા પ્રયાસો કરવા જરૂરી છે. ગામનો પ્રત્યેક નાગરિક સરકારી યોજનાઓ અંગે જાગૃત હશે તો વિકસિત ભારતનું લક્ષ્ય દૂર નથી. કાર્યક્રમ આગળના ચરણમાં પહોંચતા પીએમ કિસાન સન્માન નિધિ યોજના, પીએમ માતૃવંદના યોજના, આયુષ્માન ભારત યોજના, પૂર્ણાશક્તિ યોજના તેમજ પીએમ આવાસ યોજનાના સ્થાનિક લાભાર્થીઓએ "મેરી કહાની, મેરી જુબાની" અંતર્ગત યોજનાકીય લાભોથી પોતાના જીવનમાં મહેસુસ કરેલા બદલાવ અંગેના પ્રતિભાવોને ગ્રામજનો સમક્ષ વર્ણવ્યા હતા. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખશ્રી પ્રેમજી ભીલ સહિતના મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. વધુમાં, આરોગ્ય ક્ષેત્રે ગામે હાંસલ કરેલી સિદ્ધિઓ બદલ સરપંચશ્રીને અભિલેખા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

# રાજકોટ જિલ્લા કક્ષાનું પ્રાથમિક વિભાગનું વર્ષ ૨૦૨૩-૨૪ નું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન જેતપુર ખાતે યોજાયું

। રાજકોટ, તા.૧૩ ।

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઈ.આર.ટી.) ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, રાજકોટ, જિલ્લા શિક્ષણ સમિતિ રાજકોટ અને બી.આર.સી. ભવન જેતપુર દ્વારા આયોજિત રાજકોટ જિલ્લા કક્ષાના પ્રાથમિક વિભાગનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન - વર્ષ ૨૦૨૩-૨૪નું આયોજન નિલકંઠ ઈન્ટરનેશનલ સ્કૂલ, નવી સાંકળી, જેતપુર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં કુલ પાંચ વિભાગોમાં ૭૦ માર્ગદર્શક શિક્ષકો અને ૧૪૦ જેટલા બાળ વૈજ્ઞાનિકો દ્વારા ૭૦ કૃતિઓ રજુ કરવામાં આવી હતી. આ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં કૃત્તિ નિદર્શનની સાથોસાથ તા.૧૧ ડિસેમ્બરના રોજ રાત્રીના બાળ સાહિત્યકારશ્રી કિરીટ ગોસ્વામીની બાળ સંગીત સંધ્યા યોજાઈ હતી. તા. ૧૨ ડિસેમ્બરના રોજ કેળવણીકાર અને લેખકશ્રી ડો. રવજી ગાબાણી, શ્રી મુકેશ સોજીત્રાના પ્રેરક ઉદબોધનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૩ ડિસેમ્બરના રોજ બપોરે આ પ્રદર્શનનો સમાપન સમારોહ યોજાશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. અન્યોના કામમાં તમારી દખલઅંદાજી આજે ટાળવી જોઈએ. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે. મિત્રો તમારા પર વખણની વર્ષા કરશે કેમ કે તમે મુશ્કેલ કાર્ય પૂરૂં કરી શક્યા છો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે ભીડભરી બસમાં પ્રવાસ કરતી વખતે બ્લ્ડ પ્રેશરના દરદીઓએ વધારે તકેદારી રાખવી. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે? પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. અંગત માર્ગદર્શન તમારા સંબંધોને સુધારશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. સાંજે કોઈ જૂના મિત્રનો કૉલ આવશે અને જૂની યાદો તાજી થશે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો. તમારો સ્પર્ધાત્મક સ્વભાવ તમને અન્યો કરતાં આગળ રહેવામાં મદદ કરશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે ધ્યાન રાહત લાવશે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે. કાનું ટૅન્શને તમારા મગજને હજી પણ ઘેરો ઘાલ્યો છે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નથી.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. તમને ખુશ રાખવા તમારા બાળકો તેમનાથા બનતા શ્રેષ્ઠ પ્રયાસો કરશે. આજે પ્રેમનો જાદુ તમને અંધ કરી મુકશે. આ પરમ સુખને માણો. વધારે પડતા કામ છતાંય કાર્યક્ષેત્ર માં તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. વેપારમાં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારા જીવનસાથીની તબિયત ચિંતાનું કારણ બની શકે છે તથા તબીબી મદદની જરૂર પડશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારામાંની ઉચ્ચ ઊર્જાને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. તમારી મહત્વાકાંક્ષા વિશે મોટી વયની વ્યક્તિને જણાવો તેઓ તમારી મદદ કરવા પોતાનાથી બનતા તમામ પ્રયત્નો કરશે. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટૅન્શન આપશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે.

### કેનેડાના વડાપ્રધાન ખાલિસ્તાની આતંકીઓના સમર્થક

# ભારતને કેનેડામાં રોકવા નિજ્જરની હત્યાનો વિશ્વસનીય આરોપ લગાવ્યો : ટ્રુડો

## કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ ફરી ભારત સામે ઝેર ઓકીનો પોતાનો કક્કો ખરો કરવાનો પ્રયાસ કર્યો

। ઓટાવા, તા.૧૩ ।

કેનેડામાં ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોવાનો આરોપ લગાવ્યા બાદ કોઈ પૂરાવા હજી સુધી રજૂ નહીં કરી શકેલા કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો હવે ખાલિસ્તાની આતંકીઓના સમર્થક તરીકે કુખ્યાત બની ગયા છે. ટ્રૂડોએ ફરી ભારત સામે ઝેર ઓકીનો પોતાનો કક્કો ખરો કરવાનો પ્રયાસ કર્યો છે. એક મીડિયા ઈન્ટરવ્યૂમાં ટ્રૂડોએ કહ્યુ હતુ કે, સિખ સમુદાયની ચિંતાઓ અને સુરક્ષાને લઈને અને ભારતને કેનેડામાં રોકવા માટે મેં જાહેરમાં નિજજરની હત્યામાં ભારતનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો અને આ વિશ્વસનિય આરોપ છે. કેનેડાના એક અખબારને આપેલા ઈન્ટરવ્યૂમાં ટ્રૂડોએ કહ્યુ હતુ કે, નિજ્જરની હત્યા બાદ સિખ સમુદાયમાં ચિંતા હતી કે, હવે આગળ શું થશે અને મારે કેનેડાના લોકોને સુરક્ષિત રાખવા માટે જાહેરમાં ભારતનો ઉલ્લેખ કરવો જરુરી હતો. જેથી ભારત સરકાર ભવિષ્યમાં કેનેડામાં આ પ્રકારની હરકત ના કરે. જોકે ટ્રૂડોના આ પ્રકારના નિવેદનથી ભારત અને કેનેડાના વણસેલા સબંધો ઉલટાના વધારે બગડશે તેમ મનાઈ રહ્યુ છે. ટ્રૂડો અત્યાર સુધી પોતાના આરોપોના સમર્થનમાં કોઈ જાતના પૂરાવા રજૂ કરી શક્યા નથી. ટ્રૂડોએ કહ્યુ હતુ કે, ભારતમાં યોજાયેલા જી-૨૦ શિખર સંમેલન દરમિયાન હું પીએમ મોદીને બંધ રુમમાં ૧૬ મિનિટ માટે



મળ્યો હતો અને ત્યારે પણ મેં આ મુદ્દો ઉઠાવ્યો હતો. અમને ખબર હતી કે, વાતચીત સરળ નહીં હોય. આમ છતા અમને લાગ્યુ હતુ કે, ભારત સાથે મળીને કામ કરવા માટે આ એક રચનાત્મક અવસર હોઈ શકે છે. કમનસીબે આ અપેક્ષા પૂરી થઈ નહોતી. ટ્રૂડોએ આગળ કહ્યુ હતુ કે, નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોવાની જાણકારી મીડિયામાં લીક થઈ શકે છે તેવો ડર ઉભો થયો હતો અને તેના કારણે મેં સંસદમાં આ અંગે પહેલા જ નદિવેન આપી દીધુ હતુ અને હું ઈચ્છતો હતો કે, કેનેડાના લોકોને પણ સરકાર આ મામલામાં સતર્ક છે તેવી જાણકારી મળે.

## મરાઠીના લોકપ્રિય કોમેડિયન સંતોષ ચોરડિયાનું નિધન થયું

। નવી દિલ્હી, તા.૧૩ ।

મરાઠી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી વધુ એક દુઃખદ સમાચાર સામે આવી રહ્યા છે. મરાઠીના લોકપ્રિય અભિનેતા અને કોમેડિયન સંતોષ ચોરડિયાનું નિધન થઈ ગયુ છે. તેમના નિધનથી મરાઠી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. અભિનેતાનું નિધન હાર્ટ એટેકના કારણે થયુ છે. સંતોષ ચોરડિયા અભિનયની સાથે-સાથે સમાજસેવા પણ કરતા હતા. આ સાથે જ અભિનેતા રાજકારણમાં પણ ખૂબ સક્રિય હતા. સંતોષે એઈડ્સથી પીડિત વૃદ્ધો અને દર્દીઓમાં ખુશી ફેલાવવાનું કામ કર્યું છે. અભિનેતા પોતાની કલાની સાથે-સાથે સમાજમાં સકારાત્મક ઉર્જા ફેલાવવા માટે જાણીતા હતા. અભિનેતાના આકસ્મિક નિધનના સમાચારે બધાને ચોંકાવી દીધા છે. સોશિયલ મીડિયા પર ઘણા દિગ્ગજ સ્ટાર્સ સંતોષને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.

### ઘણા પ્રાદેશિક નેતાઓને મળી શકે છે તક

# ટૂંક સમયમાં જ કેન્દ્રીય મંત્રી મંડળમાં ફેરફાર થવાની શક્યતા

## રાજકીય વર્તુળોમાં આ વાતની શક્યતા વ્યક્ત કરાઈ છે

।નવી દિલ્હી, તા.૧૩ ।

શું ટૂંક સમયમાં કેન્દ્રીય મંત્રીમંડળમાં ફેરફાર થવા જઈ રહ્યો છે? ત્રણ રાજ્યોમાં નવા સીએમની રાજ્યાભિષેક બાદ આવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. પાર્ટીના સૂત્રોનું કહેવું છે કે આ ચૂંટણીઓમાં ઘણા કેન્દ્રીય મંત્રીઓને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા, જેઓ હવે ચૂંટણી જીતીને ધારાસભ્ય બની ગયા છે. આવી સ્થિતિમાં તેમની ખાલી પડેલી જગ્યાઓ પર નવા મંત્રી બનાવવામાં આવી શકે છે. તે જ સમયે, અગ્રણી ચહેરાઓ જે ત્રણ રાજ્યોમાં સીએમ પદના મોટા દાવેદાર હતા તેમને પણ કેન્દ્રીય કેબિનેટમાં સ્થાન આપ વામાં આવી શકે છે. સૂત્રો પ્રમાણે આગામી ચૂંટણીમાં હવે ૬ મહિના કરતા ઓછો સમય બાકી છે. તેવામાં મંત્રીમંડળમાં ફેરફાર કોઈ જરૂરી નથી પરંતુ આગામી ચૂંટણીમાં ફાયદો લેવા માટે રાજ્યોના ઘણા મોટા નેતાઓને ભાજપ હાઈકમાન્ડ મંત્રી પદ આપી શકે છે. તેનાથી તેની નારાજગી ઓછી થઈ શકે છે, તો રાજ્યોમાં પણ પાર્ટીએ સંતુલન જાળવવામાં સરળતા થઈ શકે છે. રાજસ્થાનની વાત કરીએ તો ત્યાં વસુંધરા રાજેને કેન્દ્રમાં લાવી મંત્રી બનાવી શકાય છે. કિરોડી લાલ મીણાને પણ આ વખતે મંત્રી પદ મળી શકે છે. મધ્ય પ્રદેશમાં નરેન્દ્ર સિંહ તોમરને સ્પીકર બનાવવાની વાત ચાલી રહી છે. તેવામાં તેમની ખાલી જગ્યા પર પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને કેન્દ્રીય મંત્રીમંડળમાં લાવી શકાય છે. છત્તીસગઢથી એક-બે નેતાઓને આ વખતે કેન્દ્રીય મંત્રીમંડળમાં સામેલ કરી શકાય છે. જો ફેરફાર થાય છે તો તેના જાતીય અને સામુદાયિક



સમીકરણો પર ખાસ ધ્યાન રાખવામાં આવશે. જેનાથી ૬ મહિનાની અંદર યોજાનાર લોકસભા ચૂંટણીમાં ભાજપની સંભાવનાઓ પર ખરાબ અસર ન પડે. તે માટે પાર્ટી કેટલાક નવા ચહેરા પર દાવ લગાવી શકે છે. ભાજપની સિસ્ટમ પર નજીકથી નજર રાખનાર રાજકીય નિષ્ણાંતો અનુસાર કેન્દ્રીય મંત્રીમંડળમાં ફેરફારનો નિર્ણય મુખ્ય રૂપથી પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ લેશે. પરંતુ તેમાં આરએસએસની પણ સલાહ લેવામાં આવશે. કેબિનેટમાં નવા મંત્રીઓને સામેલ કરવાની સાથે કેટલાક જૂના મંત્રીઓના વિભાગ બદલવામાં આવી શકે છે.

### ન્યુઝ બોક્ષ

## ભારત-પાક. કાશ્મીર મુદ્દાનો વાતચીતથી ઉકેલ લાવેઃ ચીન

। બેઈજિંગ, તા.૧૩ ।

સુપ્રીમ કોર્ટના અનુચ્છેદ ૩૭૦ના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા ચીને કાશ્મીર મુદ્દે પોતાનો મત વ્યક્ત કર્યો છે. ચીનનું માનવું છે કે ભારત અને પાકિસ્તાને વાતચીત અને પરામર્શ દ્વારા કાશ્મીર સમસ્યાનો ઉકેલ લાવવો જોઈએ. દેશના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ જજોની બેન્ચે બે દિવસ પહેલા એટલે કે ૧૧ ડિસેમ્બરે કલમ ૩૭૦ પર પોતાનો ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવાના કેન્દ્રના નિર્ણયને કાયદેસર ઠેરવ્યો હતો. કોર્ટે કહ્યું કે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો પરત મળવો જોઈએ તેમજ નવા સીમાંકનના આધારે જમ્મુ-કાશ્મીરમાં વહેલી તકે ચૂંટણી યોજવી જોઈએ.

## ૫૭ વર્ષના પૂર્વ શેફે ૪૦ દેશોમાં મોકલ્યા હતા ઝેરી પાર્સલ

। ઓટ્ટાવા, તા.૧૩ ।

કેનેડાની પોલીસે ૫૭ વર્ષના પૂર્વ શેફ કેનેથ લો પર સેકેન્ડ ડિગ્રી હત્યાના ૧૪ કેસનો આરોપ લગાવ્યો છે. આ પહેલા લો પર એવા લોકોની આત્મહત્યામાં મદદ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો જેમણે કથિત રીતે તેની પાસેથી ઓનલાઈન ઘાતક કેમિકલ ખરીદ્યું હતું. બ્રિટિશ જાસૂસોએ લોને બ્રિટનમાં ૯૦ મોત સાથે પણ સાંકળ્યો છે.

### યુએનમાં ગાઝામાં યુદ્ધ વિરામની માંગ કરતો પ્રસ્તાવ

# યુદ્ધ વિરામ માટે યુએનએ ગાઝામાં હમાસના કાર્યાલય પર ફોન કરવો જોઈએ

## રાજદૂત ગિલાદ એર્દાને કહ્યુ કે, યુદ્ધ વિરામ ત્યારે જ થશે જ્યારે પેલેસ્ટાઈનમાં હમાસ હથિયારો નાંખી દેશે

। ન્યૂયોર્ક, તા.૧૩ ।

યુએનની મહાસભામાં મંગળવારે ગાઝામાં યુધ્ધ વિરામની માંગ કરતો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો અને ૧૫૩ દેશોએ તેનુ સમર્થન કર્યુ હતુ. જેમાં ભારતનો પણ સમાવેશ થતો હતો. જોકે આ પ્રસ્તાવ પરની ચર્ચા દરમિયાન ઈઝરાયેલના યુએનના રાજદૂતના આક્રમક તેવર પણ જોવા મળ્યા હતા. ઈઝરાયેલે યુએનના દબાણ સામે ઝૂકવાનો ઈનકાર કરી દીધો હતો અને રાજદૂત ગિલાદ એર્દાને મહાસભામાં કહ્યુ હતુ કે, યુધ્ધ વિરામ ત્યારે જ થશે જ્યારે પેલેસ્ટાઈનમાં હમાસ પોતાના હથિયારો નાંખી દેશે અને જો યુએન ખરેખર યુધ્ધ વિરામ કરાવવા માંગતુ હોય તો તેણે ગાઝામાં હમાસના કાર્યાલય પર ફોન કરવો જોઈએ અને હમાસના નેતા યાહ્યા સિનવાર સાથે વાત કરવી જોઈએ. તેમણે કહ્યુ હતુ કે, યાહ્યા સિનવારને યુએન દ્વારા સલાહ આપવામાં આવે કે , હથિયાર નાંખી દો, શરણાગતિ સ્વીકારી દો અને બંધકોને મુક્ત કરી દો એટલે ખરા અર્થમાં યુધ્ધ વિરામ થશે અને તે કાયમી હશે. ઈઝરાયેલના રાજદૂતે યુએનની સભામાં યાહ્યા સિનવારના ફોટા અને હમાસ કાર્યાલયના ફોન નંબર વાળુ પોસ્ટર પણ દર્શાવ્યુ હતુ. રાજદૂત ગિલાદ એર્દાને કહ્યુ હતુ કે, હું નથી જાણતો કે કોઈ પોતાની જાતને અરીસામાં કેવી રીતે જૂએ છે... હમાસના કૃત્યોને નહીં વખોડનારા અને હમાસની ઝાટકણી કાઢ્યા વગરના પ્રસ્તાવનુ કોઈ સમર્થન કેવી રીતે કરી શકે તે વાતનુ મને આશ્ચર્ય છે. પણ મારા મત અનુસાર હાઝામાં હમાસની

ઓફિસનો નંબર આ પોસ્ટર પર લખેલો છે અને તમે ઈચ્છો તો તેમને કોલ કરી શકો છો.

### પિતાને શોધવા આજીજી કરતા બાળકનો વીડિયો વાયરલ

## છેલ્લા ૫ દિવસથી સબરીમાલામાં ભક્તોની ભારે ભીડ એકઠી થઈ

। સબરીમાલા, તા.૧૩ ।

છેલ્લા ૫ દિવસથી સબરીમાલામાં ભક્તોની ભારે ભીડ એકઠી થઈ રહી છે. મંદિર વિસ્તારમાં ભારે ભીડ હોવા છતાં સરકાર અને વહીવટી તંત્રએ આંખ આડા કાન કર્યા છે. અરાજકતાને લઈને વિપક્ષ સરકાર પર સતત પ્રહારો કરી રહ્યો છે પરંતુ મેનેજમેન્ટમાં કોઈ સુધારો થયો નથી. ભીડને કારણે અરાજકતાની સ્થિતિ એવી છે કે ઘણા શ્રદ્ધાળુઓને સબરીમાલા મંદિર અને ભગવાન અયપ્પાના દર્શન કર્યા વિના પંડાલમથી પાછા ફરવાની ફરજ પડી છે. આ દરમિયાન સબરીમાલામાં એક રડતા બાળકનો વિડીયો સામે આવ્યો છે જે ભીડમાં ખોવાઈ ગયો હતો. બાળક નિલક્કલમાં ભીડમાં ખોવાયેલા તેના પિતાને શોધી રહ્યો છે.

## ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વિરામની તરફેણમાં યુએનની બેઠકમાં ૧૫૩ દેશોનું મતદાન

। વોશિંગ્ટન, તા.૧૩ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના ચાલી રહેલા યુદ્ધ વચ્ચે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ બેઠક બોલાવી હતી જેમાં તાત્કાલિક યુદ્ધવિરામ અને તમામ બંધકોની બિનશરતી મુક્તિની માંગનો ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો જે પસાર થયો હતો. આ પ્રસ્તાવમાં ભારત પણ સામેલ હતું અને તરફેણમાં મતદાન કર્યું હતું.

### ૧૫ હજાર કરોડ રૂપિયાની છેતરપિંડીનો કેસ

# મહાદેવ ગેમિંગ એપના માલિક રવિ ઉપ્પલની દુબઈથી ધરપકડ

## તેની સાથે તેના અન્ય બે સાગરિતોની ધરપકડ : ભારત દ્વારા રવિ ઉપ્પલ સામે રેડકોર્નર નોટિસ જાહેર કરાઈ હતી


। નવી દિલ્હી, તા.૧૩ ।

મહાદેવ ગેમિંગ એપના માલિક રવિ ઉપ્પલની દુબઈમાંથી ધરપકડ કરવામાં આવી છે. તેની સાથે તેના અન્ય બે સાગરિતોની પણ ધરપકડ કરવામાં આવી છે. ભારત દ્વારા રવિ ઉપ્પલ સામે રેડકોર્નર નોટિસ જાહેર કરવામાં આવી હતી. ભારતીય તપાસ એજન્સી હાલ દુબઈની સુરક્ષા એજન્સી સાથે સંપર્કમાં છે.

રવિ ઉપ્પલ મહાદેવ એપના મુખ્ય આરોપીઓમાંનો એક છે. ટૂંક સમયમાં તેની ધરપકડ કરીને તડીપાર કરવામાં આવશે. આરોપી સૌરભ ચંદ્રાકરને પકડવાના પ્રયાસો ચાલુ છે. તેઓ મહાદેવ એપના બીજા પ્રમોટર છે. એક નિવેદનમાં, બંનેએ મહાદેવ એપ અને સટ્ટાબાજીના કૌભાંડમાં સંડોવણીનો ઈનકાર કર્યો છે. તેણે આની જવાબદારી શુભમ સોની પર નાખી. EDએ UAE સ્થિત ભારતીય દૂતાવાસમાંથી શુભમ સોનીનું નિવેદન લીધું છે.

મુંબઈ પોલીસે લગભગ ૧૫ હજાર કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસમાં મહાદેવ બેટિંગ એપના પ્રમોટર સહિત ૩૨ લોકો સામે કેસ નોંધ્યો હતો. માટુંગા પોલીસના એક અધિકારીના જણાવ્યા અનુસાર, એપના પ્રમોટર સૌરભ ચંદ્રાકર અને મુખ્ય આરોપી રવિ ઉપ્પલ, શુભમ સોની અને અન્ય સામે ૨૦૧૯થી છેતરપિંડી કરવાના આરોપસર FIR નોંધવામાં આવી હતી.

આ પહેલા છત્તીસગઢ પોલીસે સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ વિરુદ્ધ કેસ નોંધ્યો હતો. ઈડી દ્વારા તેમની સામે મની લોન્ડરિંગનો કેસ પણ નોંધ્યો હતો. પોલીસે આ કેસમાં સાયબર ક્રાઈમ




સંબંધિત કલમો પણ લગાવી છે. આ કેસની તપાસ પોલીસની આર્થિક ગુના શાખાને (EOW) ટ્રાન્સફર કરવામાં આવે તેવી શક્યતા છે. તાજેતરમાં જ કેન્દ્ર સરકારે મહાદેવ એપ સહિત ૨૨ તેના જેવી જ એપ્લિકેશન પર પ્રતિબંધ મૂક્યો છે. આ એપ્લિકેશન અને તેની સાથે જોડાયેલા લોકો ઈડીના રડાર પર છે. આ કેસમાં ED દ્વારા છત્તીસગઢમાંથી બે પોલીસકર્મીઓની પણ ધરપકડ પણ કરવામાં આવી છે. માટુંગાના સામાજિક કાર્યકર્તા પ્રકાશ બાંકરે ફરિયાદ નોંધાવ્યા બાદ કુર્લા મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટના આદેશ અનુસાર ગયા અઠવાડિયે મુંબઈમાં મહાદેવ સટ્ટાબાજીની એપ અંગે FIR દાખલ કરવામાં આવી હતી. માટુંગાના સામાજિક કાર્યકર પ્રકાશ બંકરની ફરિયાદ પર કેસ નોંધવામાં આવ્યો છે. પ્રકાશ બાંકરે કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી, જે બાદ કોર્ટે માટુંગા પોલીસને કેસ નોંધવાનો આદેશ આપ્યો હતો. પ્રકાશ બાંકરે દાવો કર્યો છે કે લોકો સાથે લગભગ ૧૫ હજાર કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. આરોપીઓ પ્લેયર એપ દ્વારા જુગાર અને અન્ય રમતો રમતા હતા. તેના દ્વારા કરોડો રૂપિયાની કમાણી થઈ હતી.

### વિશેષ — રાજ્યના ૭૨ લાખથી વધુ રેશનકાર્ડ ધારક પરિવારોના ૩.૫૪ કરોડ લોકોને વિનામૂલ્યે અનાજ વિતરણ થયું

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાણી પુરવઠા જળ સંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગોની સિદ્ધિઓના પુસ્તકના વિમોચન કર્યા



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના પાણી પુરવઠા, જળસંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગોની વિવિધ જનહિતકારી યોજના તથા સિદ્ધિઓના ‘સેવા સંકલ્પનું એક વર્ષ’ પુસ્તકોના વિમોચન સંપન્ન કર્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની વર્તમાન સરકારે પાણી પુરવઠા, જળ સંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના માર્ગદર્શનમાં એક વર્ષમાં કરેલી વિવિધ જનહિતલક્ષી યોજનાકીય સુવિધાઓની વિસ્તૃત માહિતીસભર પુસ્તિકાઓનું પ્રકાશન કરેલું છે. મુખ્યમંત્રીશ્રીએ આ ત્રણેય પુસ્તકોના વિમોચન રાજ્ય મંત્રીમંડળની કેબિનેટ બેઠક પહેલાં મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં કર્યા હતા.

પાણી પુરવઠા વિભાગે આ એક વર્ષમાં રાજ્યભરમાં રૂ. ૯૬૯.૩૪ કરોડની યોજનાઓના ખાતમૂહુર્ત કર્યા છે અને ૧૦૯૬ જેટલા ગામોની ગ્રામીણ જનસંખ્યાને પીવાનું પૂરતું પાણી પહોંચાડવાની કામગીરી હાથ ધરાઈ છે.

એટલું જ નહિ, ૫૪૯.૨૨ કરોડ રૂપિયાની વિવિધ યોજનાઓના લોકાર્પણ દ્વારા ૮૨૩ ગામોને પાણી પહોંચતું કર્યું છે તેની સંપૂર્ણ વિગતો અને ભવિષ્યના આયોજનની વિસ્તૃત છણાવટ આ માહિતીસભર પુસ્તકોમાં કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની જે પુસ્તિકાનું વિમોચન થયું છે તેમાં ‘સૌને અન્ન-સૌને પોષણ’ અન્વયેની યોજનાઓ તેમજ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, ઉજ્જવલા યોજના સહિતની યોજનાકીય સિદ્ધિઓ પ્રસ્તુત થયેલી છે.

જળ સંપત્તિ વિભાગે રાજ્યના દૂર દરાજના તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં સૌની, સુજલામ સુફલામ યોજના તેમજ ભૂગર્ભજળ સંગ્રહ વૃદ્ધિ માટેના અભિયાનોની સફળતા ‘સેવા સંકલ્પનું એક વર્ષ’ પુસ્તકમાં વર્ણવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પુસ્તકોના વિમોચન કર્યા તે અવસરે સંબંધિત વિભાગના મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર તથા રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ સહિત મંત્રીમંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### ગુજરાતભરના RTOમાં સર્વર ઠપ : લાયસન્સની એક્ઝામ રદ થઇ

। અમદાવાદ, તા.૧૩ ।

રાજ્યમાં RTO સર્વર ફરી ઠપ થયું હોવાનું સામે આવ્યું છે. આ તરફ RTO સર્વર ઠપ થતાં અરજદારો પરીક્ષા આપ્યા વિના પરત ફર્યા હતા. લાયસન્સની પરીક્ષા રદ થતા અરજદારો પરેશાન થઈ રહ્યા છે. આ દરમિયાન સોમવારે પણ સર્વરમાં ખામી આવતા અરજદારોને મુશ્કેલી પડી હતી. વિગતો મુજબ સર્વર બંધ રહેવાના લીધે વાહનના કાચાં અને પાકાં લાઈસન્સના ૧૦,૦૦૦થી વધુ અરજદારોને પરત જવું પડ્યું હતું. મેટ્રો સિટી અમદાવાદ સહિત રાજ્યભરમાં RTO લાયસન્સની કામગીરી કરતાં સારથિ સર્વરબંધ થઈ ગયું હતું. સોમવારે બપોર બાદ સર્વર બંધ થયા બાદ તેની અસર મંગળવારે પણ જોવા મળી હતી.

### જામનગરના ઇન્દિરા કોલોની વિસ્તારમાં બેકાબૂ ડમ્પર ઘરમાં ઘૂસી ગયુ

। જામનગર, તા.૧૩ ।

જામનગરમાં ઈન્દિરા કોલોની વિસ્તારમાં એક ડમ્પર બેકાબુ બનતાં એક રહેણાંક મકાનના આગળના ભાગ સુધી ઘૂસી ગયું હતું. જોકે, સદભાગ્ય કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી જાનહાની ટળી હતી. આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ખેતીવાડી ફાર્મ નજીકના વિસ્તારમાં ગઈકાલે રાત્રીના સમયે એક રેતી ભરેલા ડમ્પરના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવતાં ડમ્પર રોડથી નીચે ઉતરીને એક મકાનની આગળ વાડો બનાવીને રાખવામાં આવેલા માલ સામાન સુધી અંદર ઘૂસી ગયુ હતું.

### વાઘોડિયા તાલુકાના અણખોલ ગામે આધેડને વીજ કરંટ લાગ્યો

। વડોદરા, તા.૧૩ ।

વાઘોડિયા તાલુકાના અણખોલ ગામે વીજ કરંટ લાગતા આધેડ જમીન પર પટકાયો હોવાથી ગંભીર ઈજા પહોંચી હતી તેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ નર્મદા જિલ્લાના ગમોડ ગામના વતની ગોપાલ માધવભાઈ પરમાર હાલ વડોદરાના ડભોઈ રોડ પર અક્ષર સીટી સોસાયટીમાં રહે છે. તેઓ વીજ કંપનીમાં કાર્યરત છે. વાઘોડિયા તાલુકાના અણખોલ ગામની નિજાનંદ આશ્રમ નજીક આવેલી રુદ્રાક્ષ કાઉન્ટી સોસાયટીમાં ૧૧ મી તારીખે રાતે ૧૨:૩૦ વાગ્યે તેઓ ટીસી પર ચડીને લાઈટનું કામ કરતા હતા.




શાહપુર મેટ્રો રેલ સ્ટેશન બપોરે ૨ કલાક માટે બંધ રખવામાં આવ્યું હતું.

સુરતમાં ચોરનું હૃદય પરિવર્તન થયું

## ચોર પાર્કિંગમાંથી બાઈક ચોરી કરી ગયા બાદ તે બાઈક પરત મૂકી ગયો

### ઘટના સંદર્ભે બાઈક ચોરી કરતા અને બાઈક પરત પાર્ક કરતાં ચોરના સીસીટીવી વીડિયો સામે આવ્યા છે

। સુરત, તા.૧૩ ।

સુરતમાં ચોરના હૃદય પરિવર્તનનો આશ્ચયજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ચોર પાર્કિંગમાંથી બાઈક ચોરી કરી ગયા બાદ તે બાઈક પરત મૂકી ગયો હોવાનો મામલો સામલે આવ્યો છે. ઘટના સંદર્ભે બાઈક ચોરી કરતા અને બાઈક પરત પાર્ક કરતાં ચોરના સીસીટીવી વીડિયો સામે આવ્યા છે.

સુરતમાં ચોરના હૃદય પરિવર્તનનો આશ્ચયજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ચોર પાર્કિંગમાંથી બાઈક ચોરી કરી ગયા બાદ તે બાઈક પરત મૂકી ગયો હોવાનો મામલો સામલે આવ્યો છે. ઘટના સંદર્ભે બાઈક ચોરી કરતા અને બાઈક પરત પાર્ક કરતાં ચોરના સીસીટીવી વીડિયો સામે આવ્યા છે.સુરતમાં બાઈક ચોરીની એક ઘટના બની હતી. આ ઘટના બાદ બાઈકના માલિકે એક પોસ્ટ મૂકી હતી જે વાયરલ થઈ હતી. આ પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું કે "શ્રીમાન ચોર સજ્જન ને માલૂમ થાય કે જ્યાં થી બાઈકની ચોરી કરી છે ત્યાં પાર્કિંગ માં ડાબી સાઈડના ખૂણામાં આરસીબુક અને ચાવી મુકેલ છે તો તમારા ટાઈમે આવી ને લઈ જજો અને સુખે થી ચલાવજો મારું ટેન્શન ના લેતા મારી પાસે સાયકલ ની વ્યવસ્થા છે." આ પોસ્ટ સોશિયલ મીડિયામાં ખુબ વાયરલ થઈ હતી. આ બાદ અચાનક ચોરનું હૃદય પરિવર્તન થયું હતું. ચોર ચોરી કરીને લઈ ગયેલ બાઈક પરત તે સ્થળ પર મૂકી ગયો હતો.

LCB ક્રાઈમ બ્રાન્ચનો નકલી અધિકારી ઝડપાયો

## રાજકોટમાં LCB ક્રાઈમ બ્રાન્ચનો નકલી અધિકારી અસલી પોલીસના સકંજામાં આવી ગયો

### નોકરી વાંછુક યુવતીને ઉદયપુર LCB ક્રાઈમ બ્રાન્ચમાં હોવાની ઓળખ આપી અનેક વાર દુષ્કર્મ આચર્યુ હતું

। રાજકોટ, તા.૧૩ ।

રાજકોટમાં LCB ક્રાઈમ બ્રાન્ચનો નકલી અધિકારી અસલી પોલીસના સકંજામાં આવી ગયો છે.જેણે નોકરી વાંછુક યુવતીને ઉદયપુર LCB ક્રાઈમ બ્રાન્ચમાં હોવાની ઓળખ આપી અનેક વાર દુષ્કર્મ આચર્યુ હતું. મહત્વનું છે કે, તાજેતરમાં જ ખાર રાખી યુવતી જે કંપનીમાં નોકરી કરતી હતી તે ઓફિસમાં જવલનશીલ પદાર્થ છાંટીને આગ લગાડી હતી.જે ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી.જે નકલી હોવાનો ભાંડો ફૂટતા યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.જેના આધારે યુનિવર્સિટી પોલીસે આરોપીને ઝડપી લઈ જેલહવાલે કર્યો હતો.જે બાદ હવે પ્રદ્યુમન નગર પોલીસે ગંજીવાડામાં રહેતાં દેવરાજ ગોહેલ વિરૂધ્ધ દૂષ્કર્મનો ગુનો નોંધ્યો છે.

ફરિયાદીના જણાવ્યા મુજબ આધાર કાર્ડ કેન્દ્રમાં યુવતીની મુલાકાત આરોપી સાથે થઈ હતી.તે દરમિયાન આરોપીએ ઉદયપુર એલસીબી કાઈમ બ્રાંચમાં નોકરી કરતો હોવાની ઓળખ આપી હતી. ત્યારબાદ દેવરાજે તેણીને મારી અન્ડરમાં રાઈટર તરીકેનું જોબવર્ક કરવાની લાલચ આપી હતી.જે માટે આરોપીએ તેને આર વર્લ્ડ સિનેમાની બાજુમાં આવેલા કપલ બોક્ષમાં બોલાવી અને ઈચ્છા વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યું હતું. જેના થોડા દિવસ બાદ તેને ઉદયપુર લઈ ગયો હતો.અને ત્યાંની કોર્ટમાં તેની પાસે એક ફોર્મ ભરાવ્યું હતું.

લોકસભાની ચૂંટણી પહેલાં આપને જોરદાર આંચકો

## ભૂપત ભાયાણી બાદ આપના વધુ બે ધારાસભ્યોના રાજીનામાની શક્યતા



। ગાંધીનગર, તા.૧૩ ।

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ભૂપત ભાયાણીએ ધારાસભ્ય પદેથી રાજીનામું આપીને પક્ષને મોટો ઝટકો આપ્યો છે ત્યારે હવે સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજ્યમાં આપના વધુ બે ધારાસભ્યો પણ રાજીનામું આપી શકે છે. આમ આદમી પાર્ટીમાંથી વિસાવદર બેઠક પરથી ધારાસભ્ય બનેલા ભૂપત ભાયાણીએ વિધાનસભાના અધ્યક્ષને પોતાનું રાજીનામું આપી દીધું છે અને અધ્યક્ષ શંકર ચૌધરીએ આ રાજીનામાનો સ્વિકારી કર્યો છે તે સાથે જ ભૂપત ભાયાણીએ આપ સાથે છેડો ફાડ્યો છે અને હવે તે ભાજપમાં જોડાય શકે તેવી ચર્ચા છે ત્યારે આમ આદમીને વધુ બે ઝટકા લાગી શકે છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આપના વધુ ૨ ધારાસભ્યો રાજીનામુ આપે તેવી શક્યતા જોવા મળી રહી છે. ભૂપત ભાયાણી સિવાય વધુ બે ધારાસભ્યો આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડી શકે છે. બોટાદના આપના ધારાસભ્ય ઉમેશ મકવાણા અને ગારીયાધારના આપના ધારાસભ્ય સુધીર વાઘાણી પણ રાજીનામુ આપે તેવી સૂત્રો પાસેથી માહિતી મળી રહી છે. હાલ વિધાનસભામાં આમ આદમી પાર્ટીના ચાર ધારાસભ્યો રહ્યા છે જો વધુ બે ધારાસભ્યો રાજીનામું આપશે તો ગુજરાત વિધાનસભામાં આપના ધારાસભ્યોની સંખ્યા બે રહી જશે.

વેરાવળ-ઇન્દોર ટ્રેનના યાત્રીઓ માટે મહત્વના સમાચાર

## રતલામ ડિવિઝનમાં બ્લોકને કારણે ૨૦ ડિસેમ્બરની વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસ ટ્રેન રદ

### અપડેટ્સ વિશેની માહિતી માટે વેબસાઇટ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લેં જેથી કોઇ અસુવિધા થાય નહીં

। અમરેલી, તા.૧૩ ।

રતલામ ડિવિઝનમાં બ્લોકને કારણે ૨૦ ડિસેમ્બરની વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસ ટ્રેન રદ કરવામાં આવી છે. વેસ્ટર્ન રેલવે રતલામ ડિવિઝનના રતલામ સ્ટેશન ડાઉન યાર્ડ માં છ કેબિનથી પ્લેટફોર્મ નંબર ૭ સુધી કનેક્ટિવિટી પૂરી પાડવા માટે પ્રસ્તાવિત બ્લોકને કારણે ૨૦ ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ ભાવનગર ડિવિઝનના વેરાવળ સ્ટેશનથી ચાલતી વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસ ટ્રેન રદ કરવામાં આવી છે. ગીર સોમનાથ જિલ્લાનાં વેરાવળ રેલવે સ્ટેશન ઉપરથી વેરાવળ – ઈન્દોર મહામના એક્સપ્રેસ ટ્રેન ઉપડે છે. આ ટ્રેનમાં સારો એવો ટ્રાફિક હોય છે. તેમજ ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં વધુ ટ્રાફિક જોવા મળે છે. પરંતુ હાલ આ ટ્રેન રદ કરવામાં આવી છે. રતલામ ડિવિઝનમાં બ્લોકના કારણે આ ટ્રેન ૨૦ ડિસેમ્બરનાં રદ કરવામાં આવી છે. ભાવનગર ડિવિઝનના સીનિયર ડીસીએમ માશૂક અહમદે જણાવ્યું હતું કે, ૧૯ ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ ઈન્દોરથી ચાલતી ટ્રેન નંબર ૧૯૩૨૦ ઈન્દોર-વેરાવળ મહામના એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે.

ગેસની અસરના કારણે લોકોની તબિયત લથડવાની ઘટના બની

## વેસુ-યુનિવર્સીટી રોડ પર ગેસની અસરના કારણે ૫ બાળકો સહીત ૧૦ લોકોની તબિયત લથડી

### આ ગેસ કયો હતો જેની લોકોને અસર થઇ હતી તે હજુ સામે આવ્યું નથી સદનસીબે તમામની તબિયતમાં સુધારો હોવાનું જાણવા મળ્યું છે

। સુરત, તા.૧૩ ।

વેસુ-યુનિવર્સીટી રોડ ગેસની અસરના કારણે લોકોની તબિયત લથડવાની ઘટના બની છે. દુર્ગંધ બાદ ૫ બાળકો સહિત ૧૦ લોકોને ખાંસી અને ઊલટીની તકલીફ થઈ હતી.

સારવાર માટે તમામ ને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૦થી વધુ લોકોને ગેસની અસર થઈ હતી. સૂત્રો અનુસાર અચાનક ગુગળાય બાદ ખાંસી અને ઊલટીની તકલીફ શરૂ થતા તમામને તાત્કાલિક સિવિલમાં લવાયા હતા. આ ગેસ કયો હતો જેની લોકોને અસર થઈ હતી તે હજુ સામે આવ્યું નથી. સદનસીબે તમામની તબિયતમાં સુધારો હોવાનું જાણવા મળ્યું છે. ગત રોજ રાત્રીના સાડા દસ વાગ્યા ના સમય દરમ્યાન ઝૂંપડામાં સુતેલા ૫ નાના બાળકો સહિત કુલ દસ લોકોને ગેસની અસર થઈ હતી. આ લોકોને ગળામાં બળતરા,ખાંસી,ઉલટી તેમજ શ્વાસ લેવામાં તકલીફ થતાં તમામને સારવાર અર્થે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

ભાજપના સત્તાધીશો ગુમરાહ કરવા ખોટી પોકળ ગુલાબાંગો પોકારવા તેમજ પ્રજાજનોને ગુમરાહ કરવા બાબતે માહેર છે

## ૫૦૦ એકર જમીનમાં ૨૫૦ કરોડના ખર્ચે જંગલ સફારી પાર્ક, બાયો ડ્રાઇવસિટી પાર્ક બનાવવાની જાહેરાત બેબુનિયાદ

### ભાજપના સત્તાધીશો દ્વારા કરાયેલ સાબરમતી નદીના કિનારે ગ્યાસપુરમાં જંગલ સફારી પાર્ક તથા બાયો ડ્રાઇવસિટી પાર્ક બનાવવા માટે ભારતીય જનતા પાર્ટી જુમલે-બાજ સાબિત થશે

અમદાવાદ, તા.૧૩ ।

તારીખ ૬ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ મળેલ સ્ટેન્ડિંગ કમિટી બાદ પ્રેસમીટમાં તત્કાલીન ચેરમેનશ્રી દ્વારા પ્રેસ-મીડીયા સમક્ષ મોટા ઉપાડે જાહેરાત કરેલ તે બાબતે વિપક્ષના નેતાશ્રી શહેઝાદ ખાન પઠાણે પ્રતિક્રિયા આપતાં કહયું કે,. તા.૦૬-૦૯-૨૩ના રોજ મળેલ સ્ટેન્ડિંગ કમિટી બાદ પ્રેસમીટમાં તત્કાલીન ચેરમેનશ્રી દ્વારા દક્ષિણ ઝોનના ગ્યાસપુર ખાતે ૫૦૦ એકર જમીનમાં ૨૫૦ કરોડના ખર્ચે જંગલ સફારી પાર્ક તથા બાયો ડ્રાઈવસિટી પાર્ક બનાવવાની જાહેરાત કરતાં જણાવેલ કે આ બાબતે કન્સલટન્ટ ની નિમણુંક કરી માસ્ટર પ્લાન બનાવાશે અને તે પ્લાનને સેન્ટ્રલ ઝુ ઓથોરિટીની મંજુરી મેળવવા મોકલી આપવામાં આવશે અમદાવાદના શહેરીજનોને વન્ય પશુ પક્ષીઓ જોવા ગીરના જગંલમાં કે કેવડીયા કોલોની જવું નહી પડે પરંતુ વાસ્તવિકતા એ છે કે, પ્રાપ્ત માહીતી અનુસાર વહીવટી તંત્રને આ કામ કરવા બાબતે મનાઈ



કરેલ છે તેમજ વહીવટી તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી થયેલ નથી તો પછી તત્કાલીન સ્ટે.કમિટી ચેરમેનશ્રી દ્વારા આવી બેબુનિયાદ અસ્તિત્વ ધરાવતી જાહેરાત કેમ કરી તે વિચારણા માંગી લે તેવી બાબત છે આ બાબતે તંત્ર દ્વારા કોઈ નાણાંકીય જોગવાઈ પણ કરેલ નથી

અમદાવાદ મ્યુ.કોર્પોના ભાજપ ના સત્તાધીશો ખોટી અને પોકળ ગુલાબાંગો પોકારવા બાબતે તેમજ પ્રજાજનોને ગુમરાહ કરવા બાબતે માહેર છે તત્કાલીન ચેરમેનશ્રી દ્વારા પ્રેસ-મીડીયા સમક્ષ કહેલ કે મ્યુનિ. કોર્પો.દ્વારા સાબરમતી નદીના કિનારે ગ્યાસપુરમાં જંગલ સફારી પાર્ક તથા બાયો ડ્રાઈવસિટી પાર્ક બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે તો પછી તે કરેલ આયોજનનું બાષ્પીભવન કેમ અને કયારે થઈ ગયું તત્કાલીન ચેરમેનશ્રી દ્વારા કરાયેલ સદર જાહેરાત બાબતે વર્તમાન સ્ટે. કમિટી ચેરમેનશ્રી દ્વારા કહેવામાં આવે છે કે તે કામ મોકુફ રાખેલ છે પરંતુ કામ જ શરૂ નથી થયું તો મોકુફ રાખવાની હાસ્યાસ્પદ વાતો ભાજપના સત્તાધીશો દ્વારા પોકારવામાં આવે છે જે અગાઉ કરેલ પોકળ વાયદા મુજબ કાળું નાણું શોધી તે નાણાંમાંથી દરેક નાગરિકના ખાતામાં ૧૫ લાખ રૂ. જમા કરવામાં આવશે તેવી જ રીતે નવા નવા પોકળ વાતો કરી પ્રજાને ગુમરાહ કરે છે તેમજ તત્કાલીન ભાજપના સત્તાધીશો અને વર્તમાન ભાજપના સત્તાધીશો વચ્ચે કોઈ સંકલન નથી તે પુરવાર થાય છે પ્રજાને લોલીપોપ આપી હથેલીમાં ચાંદ દેખાડી પોકળ અને જુઠા વાયદાઓ આપવા બાબતે માહીર ભાજપ પ્રજાને ગુમરાહ કરવાનું હીન કૃત્ય કરે છે જે સત્તાધારી ભાજપ માટે શરમજનક બાબત છે જેન કોંગ્રેસ પક્ષ સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે.

## દ.ગુજરાત વીજ કંપનીને મુખ્ય માર્ગ સ્ટ્રીટ લાઈટનું વીજ જોડાણ કાપી નાખ્યું

। ભરૂચ, તા.૧૩ ।

ભાજપનું ૩૦ વર્ષના રાજમાં લોકસભાની ચૂંટણીમાં સ્થાનિક નેતાગીરી જ ધનોપનોત કાઢી રહી છે. ભરૂચ નગરની જનતા પાલિકાના પાપે અને અણઘડ વહીવટના કારણે ટૂંકા ગાળામાં ત્રીજી વખત અંધારા મજબૂર બની છે. સોમવારથી રાતથી દક્ષિણ ગુજરાત વીજ કંપનીને મુખ્ય માર્ગ સ્ટ્રીટ લાઈટનું વીજ જોડાણ કાપી નાખ્યું છે. ભરૂચ પાલિકા શાસકોના અંગે અને અણગારો વહીવટના લીધે નગરજનોને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. પાલિકાની સ્ટ્રીપ લાઈટનું કરોડોનું બિલ બાકી પડતા શકશે. ગુજરાત વીજ કંપનીએ પાલિકાના શાસકોને વારંવાર બિલ ભરપાઈ કરવા માટે નોટિસ મોકલી હોવા છતાં પાલિકાએ બિલ ભરપાઈ નહીં કરતા નગરનું વીજ કંપનીનું સ્ટ્રીટ લાઈટનું જોડાણ વીજ કંપનીએ કાપી નાખવાનું શરૂ કર્યું છે. અગામી દિવસોમાં જુઓ બિલ ભરપાઈ નહીં કરાયું તો વોટર વર્કના જોડાણો પણ કપાતા ભરૂચ શહેરની પ્રજાને કદાચ પાલિકા શાસકોના પાપે પાણી માટે પણ સરસવું પડશે. આ બાબતે આજરોજ ભરૂચ શહેર કોંગ્રેસ દ્વારા ખાલી તિજોરી નગરપાલિકાના પાટનગરમાં મૂકીને ઢોલ નગારા સાથે વિરોધ પ્રદર્શન કરી પાલિકામાં હલ્લાબોલ કરવામાં આવ્યું હતું.

### જાહેર જનતા નોંધ

અમદાવાદ રેલ્વે પોલીસે એક પ્રેસનોટમાં જણાવ્યું કે, અમદાવાદ ખાતે આવેલ કાળુપુર રેલ્વે સ્ટેશનની હદ વિસ્તારમાં એક ઈસમનું મૃત્યુ દેહ મળી આવ્યો છે, ઉ.વ. આશરે ૪૫, મધ્યમ બાંધો, ઉંચાઈ ૫ ફુટ, શરીરનો રંગ ઘઉવર્ણ, સફેદ પીળી લીટીવાળી ટી શર્ટ અને કાળી પીળા કલરની આખી બાયની ગરમ જર્સી તથા કમરે કાળા કલરનો પેન્ટ છે...

અમદાવાદમાં ઈલેક્ટ્રિક વાહન ચાલકો માટે ખુશ ખબર

## અમદાવાદમાં વધુ ૧૨ ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ સ્ટેશન બનશે

। અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદ શહેરમાં વધુ ૧૨ ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ સ્ટેશન બનશે. આ સાથે શહેરમાં ૩ ઈલેક્ટ્રક ચાર્જિંગ સ્ટેશન ઝડપથી કાર્યરત થશે. મળતી માહિતી પ્રમાણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા આગામી મહિને આ તમામ ચાર્જિંગ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવશે. કેન્દ્રની મોદી સરકાર અને ગુજરાત સરકાર દ્વારા ઈલેક્ટ્રિક વ્હીકલને પ્રોત્સાહન આપવા નવી ઈક પોલીસી તૈયાર કરવામાં આવી છે. આ તરફ આ પોલીસીને લઈ હવે ગુજરાત સહિત દેશભરમાં ઈલેક્ટ્રિક વાહનોમાં વધારો થઈ રહ્યો છે. આ દરમિયાન હવે ઈલેક્ટ્રિક વાહનોના ચાર્જિંગ માટે અમદાવાદ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા PPP ધોરણે ૧૨ જગ્યાએ ચાર્જિંગ સ્ટેશન બનાવવામાં આવ્યા છે. અહેવાલો મુજબ અત્યાર સુધી ૯ ચાર્જિંગ સ્ટેશન બનીને તૈયાર થઈ ગયા છે જ્યારે બાકીના ૩ આગામી દિવસોમાં ઝડપથી બનીને તૈયાર થઈ જશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
CNN CHANNEL NINE NETWORK GUJARAT
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨